# ॐ જૈન ધર્મ વિકાસ

જૈનં જયતુ શાસનમ્

પુસ્તક ૧ લું.] વૈશાખ-જયેષ્ઠ : વીર સંવત ૨૪૬૭. [ અંક ૭-૮

No-057524 20-43.13



શ્રીમદ્ પન્યાસ રત્નવિજયજી મહારાજ.

તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકળચંદ શેઠ

વાર્ષિક લવાજમ.] વિષય-દર્શન. [રૂપિયા, બે.

## વૈશાખ-જેઠ, વિ. સં. ૧૯૯૭.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| **श्रीसिद्धचक्रस्तोत्रम्.** | **श्रीविजयपद्मसूरीश्वरजी.** | ૧૯૭-૨૨૯ |
| શ્રી મહાવીર જન્મ મહોત્સવ. | મુનિ હેમેન્દ્રસાગરજી. | ૧૯૮-૨૩૬ |
| ગુરૂદેવની શારીરિક સ્થિતિ અને વિહાર. | „ | ૧૯૯ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्यजयसिंहसूरिजी** | ૨૦૦ |
| **शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा.** | **पूज्य मु. श्री. प्रमोदविजयजी.** | ૨૦૧ |
| **सरलतापत्र.** | **मुनि हेमेन्द्रसागरजी.** | ૨૦૫ |
| ધર્મ્ય વિચાર. | ઉપા. શ્રી સિદ્ધિમુનિજી. | ૨૦૬ |
| કળીયુગની દૃષ્ટિએ આત્મિક વસ્તુઓનું પ્રથમ સાધન. | પં. શ્રી કલ્યાણવિજયજી. | ૨૦૭ |
| "મૂર્તિપૂજાના વિરોધમાં". | મુનિ ન્યાયવિજયજી. | ૨૦૯ |
| મનસાગરનાં મોજાં. | બાપુલાલ કાળીદાસ સંઘાણી. | ૨૧૦ |
| **सुखी जीवन.** | **मुनि भद्रानंदविजयजी.** | ૨૧૨ |
| "**पर्युषणकी भेट**" નો જવાબ. | મુનિ પ્રેમવિમળજી. | ૨૧૪ |
| ઠેર ઠેર ઉજવાયેલ ચરમ તિર્થંકર જન્મોત્સવ. | તંત્રી. | ૨૧૬ |
| રાધનપુરની સામાજિક સંસ્થાઓનું અવલોકન. | „ | ૨૧૭ |
| મહાત્મા ગૌતમબુદ્ધની અપૂર્વ સેવા. | મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી. | ૨૧૯ |
| ભવ્યાભવ્ય વિચાર. | પં. શ્રી મનહરવિજયજી. | ૨૨૩ |
| ઐક્યને ક્યારે અપનાવશો ? | પં. કલ્યાણવિમળજી. | ૨૨૫ |
| વર્તમાન-સમાચાર | તંત્રી | ૨૨૭ |
| સજોડે સ્વાર્પણ | વિરબાળ | ૨૩૭ |


### પંચાંગ.

જેઠ, માસ.
સુદિ ૧૦ ક્ષય

| તિથી | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | મંગળ | ૨૭ |
| ૨ | બુધ | ૨૮ |
| ૩ | ગુરૂ | ૨૯ |
| ૪ | શુક્ર | ૩૦ |
| ૫ | શનિ | ૩૧ |
| ૬ | રવિ | *૧ |
| ૭ | સોમ | ૨ |
| ૮ | મંગળ | ૩ |
| ૯ | બુધ | ૪ |
| ૧૧ | ગુરૂ | ૫ |
| ૧૨ | શુક્ર | ૬ |
| ૧૩ | શનિ | ૭ |
| ૧૪ | રવિ | ૮ |
| ૧૫ | સોમ | ૯ |
| વ૧ | મંગળ | ૧૦ |
| ૨ | બુધ | ૧૧ |
| ૩ | ગુરૂ | ૧૨ |
| ૪ | શુક્ર | ૧૩ |
| ૫ | શનિ | ૧૪ |
| ૬ | રવી | ૧૫ |
| ૭ | સોમ | ૧૬ |
| ૮ | મંગળ | ૧૭ |
| ૯ | બુધ | ૧૮ |
| ૧૦ | ગુરૂ | ૧૯ |
| ૧૧ | શુક્ર | ૨૦ |
| ૧૨ | શનિ | ૨૧ |
| ૧૩ | રવિ | ૨૨ |
| ૧૪ | સોમ | ૨૩ |
| ૦)) | મંગળ | ૨૪ |

* જુન ૩.

સુદિ ૧ મંગળ રોહિણી તપ દિન.
સુદિ ૫ શનિ શ્રી ધર્મનાથ મોક્ષદિન.
સુદિ ૯ બુધ શ્રી વાસુપૂજ્ય ચ્યવનદિન.
સુદિ ૧૨ શુક્ર શ્રી સુપાર્શ્વનાથ જન્મદિન.
સુદિ ૧૩ શનિ શ્રી સુપાર્શ્વનાથ દીક્ષાદિન.

વદિ ૪ શુક્ર શ્રી આદિનાથ ચ્યવનદિન.
વદિ ૭ સોમ શ્રી વિમળનાથ મોક્ષદિન.
વદિ ૯ બુધ શ્રી નમિનાથ દીક્ષાદિન.
વદિ ૧૨ શનિ આદ્રાદિન. (કેરી ત્યાગદિન.)
વદિ ૧૪ સોમ રોહિણી તપદિન.

દ્વારા:-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૧ લું. વૈશાખ, સં. ૧૯૯૭. અંક ૭ મો.


मंगलमालापराभिधान

## ॥ श्री सिद्धचक्रस्तोत्रम् ॥

॥ कर्त्ता-विजयपद्मसूरिः ॥

॥ मंगलाचरणम् । आर्यावृत्तम् ॥

पणमिय परमिट्ठिपए-गुणगुरुगुरुणेमिसूरिमंतपए ॥
सिरिअजियसंतिथवगं-रएमि सिरिसिद्धचक्कथवं ॥१॥

॥ अरिहंतस्तवनम् । राग-अजिअं जिअ० ॥

परमे परमग्गदए-बुद्धे परबोहगे पुरिससीहे ॥
नियगुणपुण्णरमणए-वंदमि सययं जिणवई हं ॥ गाहा ॥१॥

॥ राग-ववगयमंगुलभावे० ॥

अणुवममंगलगेहे-इंदाइपयरसमच्चसुहदेहे ॥
मयणलपसंतिमेहे-वंदे जिणए पनिण्णेहे ॥ गाहा ॥२॥

॥ राग-सव्वदुक्खप्पसंतीणं ॥

भव्वचारित्तलीणाणं-केवलीणं महेसीणं ॥
तिलोयसरणिज्जाणं-णमो जिणगणेसाणं ॥ सिलोगो ॥३॥

॥ राग-अजिअजिणसुहप्पवत्तणं० ॥

भुवणगुरु ? पयत्थभासणं ।
विजयपयं पहु ? तुज्झ सासणं ॥
सयलवियडविग्घणासणं ।
बहुभयमोहपसत्तुतासणं ॥ मागहिया ॥४॥

॥ राग-किरिआविहि० ॥

अरिहंतपयं विभयं गयसंसइपंतिहरं ।
वरसत्तियमोयसमुद्दविवड्ढणचंदयरं ।
परभावणिरोहगमिट्ठपयाणसुरद्दुमहं ।
पणमामि कसायचउक्कपतावजलं सइ हं ॥ आलिंगणयं ॥५॥

अपूर्ण

# શ્રી મહાવીર જન્મ મહોત્સવ

(પનઘટ વાટે પનિહારી એ ધીરાં-એ રાગ)

મધ્યરાત્રિનાં ચોઘડીઆં, એ મધુર વિવિધ સુર આપે;
દુ:ખને કાપે રે, મહાવીર જન્મ્યા હો. ૧

ઇન્દ્ર હ્રદયમાં હર્ષ ધરાવે, ઘંટા સુઘોષા વાગે;
રવ મધુ લાગે રે, મહાવીર જન્મ્યા રે. ૨

સર્વ વિમાને પ્રતિઘોષથી, મહાવીર જન્મ વધાવે;
જગત ઉલ્લાસે રે, મહાવીર જન્મ્યા હો. ૩

મેરુ પર્વત ઇન્દ્ર સિધાવે, ત્રિશલા નંદન સાથે;
હર્ષ ધરાવે રે, મહાવીર જન્મ્યા હો. ૪

દેવ દેવાંગના વાહન ચડીને, દર્શન અર્થે આવે;
ઉર હરખાયે રે, મહાવીર જન્મ્યા હો. ૫

પાંડુંક વનની રમ્ય શીલાએ, મહાવીર આસન ધારે;
હ્રદયો ઠારે રે, મહાવીર જન્મ્યા હો. ૬

એક કરોડને સાઠ લાખ, કળશો ત્યાં વારિ આવે;
દેવ મુંઝાયે રે, મહાવીર જન્મ્યા હો. ૭

"બાલક સહેસે કેમ કરીને, જળ આ" મન વિચારે;
પ્રેમ ધરાવે રે, મહાવીર જન્મ્યા હો. ૮

ચરણતણા અંગૂઠા બળથી, મેરૂ પર્વત ડોલ્યો;
પડદો ખોલ્યો રે, મહાવીર જન્મ્યા હો- ૯

સાગર ઉછળયા, પર્વત ડોલયા, દેવો શંકા ભૂલ્યા;
હર્ષે ડૂબ્યારે-મહાવીર જન્મ્યા હો. ૧૦

ચૈત્ર શુકલની ત્રયોદસીએ, ક્ષત્રિય કુંડે જન્મ્યા;
જન સૌ પ્રણમ્યારે, મહાવીર જન્મ્યા હો- ૧૧

નદીશ્વર અષ્ટાહનિકે ઉત્સવ, સુરેન્દ્ર સૌ ઉજવાળે;
શીશ નમાવેરે, મહાવીર જન્મ્યા હો- ૧૨

ત્રિશલા હ[illegible]રે અન્તરમાં, જગમાતાપદ પામે;
જન સૌ પ્ર[illegible] મહાવીર જન્મ્યા હો. ૧૩

**સિદ્ધારથ નૃપ વર્ધમાન** એ, નામ પ્રેમથી સ્થાપે;
કીર્તિ વ્યાપેરે, મહાવીર જન્મ્યા હો. ૧૪

બ[illegible]ણુથી બહુ બળવંતા, સુરપતિ આનંદ પામે;
મહાવીર નામેરે–મહાવીર જન્મ્યા હો. ૧૫
માતપિતા બંધુના ધર્મો, ઉત્તમ ભાવે પાળયા.
દુર્ગુણ ખાળયારે–મહાવીર જન્મ્યા હો. ૧૬
વિશ્વતણા કલ્યાણને માટે, મોક્ષ સુમાર્ગ બતાવો;
ભવથી તારોરે–મહાવીર જન્મ્યા હો– ૧૭
હેમેન્દ્રે જે હોય અલ્પતા, ટાળી પ્રવીણ બનાવો,
હૃદયે આવોરે, મહાવીર જન્મ્યા હો, ૧૮

---

# ગુરૂદેવની.....શારિરીક.....સ્થીતિ.....અને.....વિહાર.

બાળ બ્રહ્મચારી આચાર્ય શ્રી વિજયનીતિસૂરીજી મહારાજ શિષ્ય સમુદાય સાથે ફાગણ વદિ ૧ ના વાંકલીથી વિહાર કરી ખીવાણદિ, ઘાણેરાવ, બાલી આદિ મરૂભૂમિનું પર્યટન કરી, સ્વાગત સ્વીકારતાં ચૈતર સુદિ ૧ ના સંઘના અતિ આગ્રહથી સાદડી પધારતાં, ઘણાજ આંડબરપૂર્વક સામૈયુ કરી નગર પ્રવેશ કરાવી ધર્મશાળામાં ઉતાર્યા હતાં, સાદડીથી સુદિ ૨ ના રાણકપુર તીર્થની યાત્રાએ અનેક ભાવીક સજ્જનોની વિજ્ઞપ્તિથી જઈ સુદિ ૩ ના પાછા સાદડી પધારતાં, પગ ઉપર સાધારણ સોજા દેખાતાં તે વિહારના પરિશ્રમના હશે તેમ માની તેની દરકાર ન કરી, ત્યાં તો સુદિ ૬ ના સહવારના એકાએક મુળ રોગે મહારાજશ્રીને ઘેરી લીધા, અને પેટની આફરી તથા અવ્યવોના સોજાએ એટલુ બધુ જોર મારયુ કે જેથી શ્રમણસમુદાય અને સંઘ ચીંતામગ્ન બની ગયો, તાત્કાળીક સ્થાનીક ડોકટરની ચાંપતી સારવાર લેવા છતા પણ બે દિવસ તો એટલી બધી ભયંકર સ્થીતિ રહી કે જેને આભારી આખી રાતના અખંડ ઉજાગરા કરવા પડેલ, પરંતુ ડોકટરની કાળજી ભરેલી સારવારને આભારી દિન પ્રતિદિન તબીયતમાં સુધારો થતા, આફરી અને સોજાઓ ઓસરી જવાથી સ્થાનિક ડોકટરે આચાર્યદેવને ઉંચ્ચ કોટીની વૈદ્યકીય સારવાર માટે અમદાવાદ જેવા નિષ્ણાતોના રહેઠાણવાળા પ્રદેશમાં લઇ જવાની સલાહ આપતાં, અને અમદાવાદથી લવારની પોળના ઉપાશ્રયના આગેવાનોએ સાદડી આવી આગ્રહ ભરી વિજ્ઞપ્તી કરતાં, મારવાડ મેવાડમાં અનેક જરૂરીયાતવાળી રોકાણો હોવા છતાં ડોકટરી સલાહથી શારિરીક ઉપચારાર્થે અમદાવાદ તરફનો વિહાર કરવાનો નિર્ણય કરી ચૈ[illegible]વદિ ૧૨ ના સાદડીથી વિહાર કરવાના હતા, દરમિયાન અમદાવાદમાં હુલ્લડ થતાં હાલ તુરત સાદડીમાં રોકાશે.

---

# ॥ आदीनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य जयसिंहसूरी तरफथी मळेलुं )

( ગતાંક પૃષ્ઠ ૧૭૭ થી અનુસંધાન )

याद पड़ी गुरु राजकृपाला, वे प्रासुक अन्न लेवन वाला ।
कंदमूल फल छूवत नाही, किम दिन बीतत कही न जाही ॥
अहाःमूर्खमति मंद गंवारा, गफलतमें भूला इकरारा ।
कभी न जा कर दर्शन कीना, बहु दिन गये आज गुरु चीना ॥
अब कैसे गुरु मुखहिं दिखाऊं, फेर चरण शरणागत जाऊं ।
अस कहि साहु गुरुहिं ढिग आवा, वंदन कर अति विनय सुनावा ॥
नाथ क्षमिय गुण ज्ञान प्रवीना, में मिथ्या गर्जन अति कीना ।
गर्जन वर्षन दुर्लभ देवा, में प्रमाद वस बिसरी सेवा ॥

में मूरख अज्ञान वस, दर्शन वंदन त्याग ।
मोक्षमार्ग त्याग न किया, अहो मंद मम भाग ॥
सार्थवाह करुणा सुनी, बोले श्री मुनिराज ।
तुम उपकारी जीव हो, क्यों करते हो लाज ॥

यह सुन सेठ होत अति दीना, जय जय जय मुनि ज्ञान प्रविना ।
अवगुण त्यागसद्गुण मुज भाखा, पर प्रमाद कारण नत माथा ॥
गोचरिलेन भेजिये साधू, कलपे अन्न बेरा बहुं साधू ।
धर्मघोष मुनि शिष्य पठावा, मुनिवर शिष्य साहु घर आवा ॥
धर्मलाभ सुन साहू हर्षावा, हर्षित हो चोकामहि जावा ।
कछुनमिला चोका के माही, तब साहू मन अति पछताही ॥
ढूंडत हीं घृत पात्र दिखावा, देख साहू मन अति हर्षावा ।
घृत बेराउ श्री मुनि राजा, आवृत मुनि ढिग पूछन काजा ॥
नाथ शुद्ध [illegible] घर माहीं, और न कछु मुझ दीखत नाही ।
हुकम होय [illegible]हु स्वामी, करिये नाथ मुझे अनुगामी ॥
बोले मुनि खुश होय बेराओ, अचिंतन हमे कलपे लाओ ।
शुद्ध हृदय बेरावन लागा, तबहिं साहू कर्म सब भागा ॥

मुनि[illegible] धर्म लाभ पुनिदीना, साहू धन्य भाग्य निज चीना ।
दान प्रभाव हिं सेठको, उपजा ज्ञान महान ॥
मोक्ष बीज अंकुर जमा, समकित प्राप्त सुजान ।
सार्थवाह उपाश्रय आवा, वंदन कर श्री गुरु सिर नावा ॥
धर्म बखाण करे गुरु राई, सुन साहू अति प्रीती छाई ।
धर्म हीं स्वर्ग मोक्ष कर दाता, धर्म हीन नर अति विलपाता ॥
मंगल मूल धर्म हे भाई, धर्म नाव भव खाइ तराइ ।
धर्म जीव कर पालन करई, धर्म प्रभाव सु संपति वरई ॥
उज्वल गुण अरु मान बढ़ावे, पाप कर्म सब नास करावे ।
धर्म करत उन्नति हो जावे, नर तीर्थंकर गोत्र बंधावे ॥
धर्मवान सब सिद्धि भोगे, नासे पाप कर्म कर रोगे ।
बिन नर दे धर्म नही होई, याते धर्म करहु सब कोई ॥

अपूर्ण

# शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा

( लेखक )—पूज्य मु. श्री. प्रमोदविजयजी म. ( पन्नालालजी )

( અંક. ૬. પૃષ્ઠ ૧૭૯ થી અનુસંધાન )

हमारे पूर्वाचार्यों ने तो शास्त्रों में, नीतियों में, स्मृतियों और पुराणों में यथास्थान मानवता के साथ धर्म का अभेद्य संबंध एवं धर्म की विश्वव्यापक महत्ता बतलाते हुए समाज का ध्यान इस ओर विशेष आकर्षित किया है और स्पष्ट शब्दों में प्रतिपादन किया है कि–हे भव्यो ! तुम कैसी भी प्रवृत्ति करो किंतु कर्तव्य विमुख मत बनो। प्रत्येक कार्य में धर्म को सन्मुख रखो। धर्म के अंश को और उसके महत्व को किसी भी अवस्था में तथा किसी भी प्रवृत्ति में कम मत समझो। कर्तव्यधर्मपतित मानवजीवन बकरी के गले के स्तन के समान निःसत्व एवं निष्प्रयोजन रूप है।

मानवता के अंशमात्र महत्व को समझे हुए व[illegible]क के हृदय में भी आत्म कल्याण की भावना सतत जागृत रहती है वास्ते धर्म का अवलंबन लेना भी उसके लिये आवश्यक माना गया है। बिना उस अवलंबन के अभिलाषा की पूर्ति ही नहीं हो सकती है। धर्म का संबंध किसी खास व्यक्ति विशेष, संप्र-

दाय विशेष, वर्ण या आश्रम विशेष से नहीं है किंतु मानवता के साथ सर्व-व्यापक संबंध है। जहां मानवता है वहीं धर्म है। जहां पशुता का साम्राज्य है वहां अंधेर और अधर्म है।

धर्म रूपी विशाल वृक्ष की शीतल छाया के नीचे बैठ कर त्रपताप रूप गर्मी के निवारण का सब को जन्मसिद्ध अधिकार प्राप्त है। धर्म के गंभीर रहस्य को तथा व्यापक सिद्धान्तों के महत्व को न समझ कर उसके विशाल रूप को संकुचित कर देना तथा उसके नाम पर परस्पर वितंडावाद खड़ा कर क्लेश करना बुद्धिमत्ता नहीं है। हां, जिज्ञासा एवं तत्व निर्णय दृष्टि से उसके रहस्य की गवेषणा में सतत प्रयत्न शील बने रहना चाहिये। हिंदी के प्रतिभा संपन्न कवि गुप्तजी की भी धर्म के विषय में उक्ति है किः—

ऊंचा उदार पावन सुख शांति पूर्ण प्यारा,
यह धर्म वृक्ष सबका निजका नहीं तुम्हारा।
रोको न तुम किसी को छाया में बैठने दो,
कुल जाति कोई भी हो संताप मेटने दो॥

जब मनुष्य मनुष्यत्व को पहिचान कर धर्म के वास्तविक उद्देश्य को समझ लेता है तब उसके जीवन में विश्वव्यापक मैत्री भाव उत्पन्न हो जाता है। वह जाति पांति के विभेदों को महत्व नहीं देता है तथा संसार के प्रपंचों से प्रायः निर्लिप्त ही रहता है। उसकी सुख एवं दुःख में, संपत्ति तथा विपत्ति में, हर्ष और शोक में प्रायः समभावना ही हो जाती है। इतना ही नहीं किंतु धर्म रूपी शीतल जल का प्रभाव ही ऐसा है कि जिससे पारस्परिक द्वेष, वैमनस्य, और कलह रूपी अग्निज्वाला शीघ्र ही प्रशांत होकर प्रलय हो जाती है।

धर्म हमारी हृत्तंत्री के सुप्त तारों को जागृत कर झंकृत कर देता है। उस झंकार के प्रभाव से ही उसमें से आमोद प्रमोदकारी कर्त्तव्य ज्ञान रूपी रागरागिनियों की मधुर तथा कर्णप्रिय विविध मंद मंद स्वरध्वनि निकलती रहती है। इस स्वर ध्वनि से मनुष्य आत्मकल्याण के एक ऐसे अमोघ मार्ग पर पहुंच जाता है कि जिससे पुनर्पुनः जन्ममरणरूप आवागमन का झगडा ही हमेशां के लिये मिट कर अखंड शांति और अनंत सुख साम्राज्य का अनुभव हो।

वास्तव में चिरस्थायी, सहगामी, हितचिंतक, मित्रवत् सहायक, शांति-दायक तथा भवोदधि तारक यदि कोई अविनश्वर पदार्थ है तो केवल एक धर्म ही है। अन्य विश्व व्यापक इहलौकिक पदार्थों का संबंध तो शरीर के साथ ही परिमित है किंतु धर्म का संबंध सदा काल आत्मा से ही है। माता पिता बांधवादिक स्मशान भूमि पर्यंत ही शरीर के सहगामी हैं, धन पादरज

के समान आता है और चला जाता है, यौवन नदी के वेग के समान शीघ्र ही ढल जाने वाला है। आयुष्य पानी की बिंदु के समान चंचल है और प्राण पानी के फेन (फाग) के समान क्षण विध्वंसी हैं किंतु धर्म रूपी मित्र ही एक ऐसा सच्चा स्नेही है कि वह सर्व अवस्थाओं में मैत्री भाव का यथावत् निर्वाह एव पालन करता रहता है। कहा भी है कि:—

माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा।
नालं ते तव ताणाय, लुप्पंतस्स सकम्मुणा॥

संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं।
कम्मस्स ते तस्स उ वेयकाले न बंधवा बंधवयं उवेंति॥

अर्थात् संसार की मोहमायापाश के वशी भूत बनकर जीव जिन कुटुम्बियों के लिये जीवन सर्वस्व अर्पण कर देता है, विविध कष्ट सहन कर अगणित पाप-पुंज का संचय करता रहता है उन्हीं कर्मों का दुःखद परिणाम भोगने के समय उनमें से कोई भी उसका साथ नहीं देते हैं। भला, इससे भी बढ कर स्वार्थ की सीमा और क्या हो सकती है? जब तक माता पिता आदि के स्वार्थ का पोषण होता रहा तब तक तो वे अपने बने रहे और ज्योंही स्वार्थ में कुछ बाधा पहुंची त्योंही वे अपने से विमुख बन गये। वास्तव में नीतिकारों का कथन सर्वथा सत्य है कि:—

धनानि भूमौ पशवश्च गोष्ठे, भार्या गृहद्वारि जनाः स्मशाने।
देहश्चितायां परलोकमार्गे, धर्मानुगो गच्छति जीव एकः॥

मृतं शरीरमुत्सृज्य, काष्टलोष्ठ समं क्षितौ।
विमुखाः बांधवाः यांति, धर्मस्तमनुगच्छति॥

जब जीव पर काल का कराल प्रहार होता है तब न तो धन रक्षा कर सकता है और न स्वजन परिजन ही। धन तो जमीन में ही गड़ा हुआ रह जाता है, पशुगण पशुशाला में ही बंधे हुए रह जाते हैं, प्राणप्यारी प्रिय नारी भी द्वार तक ही साथ देती है। स्वजन परिजन भी स्मशान भूमि तक ही अनुगामी बने रहते हैं और यह सुन्दर शरीर जिसको अपना समझ कर वस्त्र, भूषण, तेल, इत्र, मिष्टान्न आदि विविध उपायों से सजा कर अपने रूप पर गर्व करते थे वह भी चिता तक ही परिमित रहता है और अकेला जीव ही निज कृत शुभाशुभ कर्मों के द्वारा परलोक में सुखदुःख का अनुभव करता है। तात्पर्य यही है कि उक्त सकल पदार्थ इहलोक से ही संबंध रखने वाले हैं किन्तु पर-लोक में जीव के साथ संबंध रखनेवाला उसका एकमात्र सच्चा मित्र धर्म ही है।

आधि, व्याधि और उपाधि रूप त्रिविध ताप का हरण करने वाला धर्म ही माना गया है। इसी के अवलंबन द्वारा ऋषि महर्षि गण हमारे पथ प्रदर्शक

बन सके हैं। श्रमण भगवान् महावीर ने तो धर्म कृत्य का परमोत्कृष्ट फल बतलाते हुए उसे सर्वोच्च मंगलकारी कहा हैं। देखियेः—

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो॥

अर्थात् अहिंसा, संयम और तपरूप धर्म ही परम मंगलमय है जिसका धर्म में सतत मन लगा रहता है देवगण भी उसके चरणों में मस्तक झुकाते हैं। ऐसे तो संसार में अनेक मांगलिक कार्य हैं किंतु वे लौकिक कार्यों से ही संबंध रखने वाले होने से विशेष महत्वपूर्ण नहीं माने जा सकते हैं। धर्मसंबंधी मांगलिक कार्य ही इहलोक एवं परलोक में मंगलकारी होने से उल्लेखनीय हो सकता है। धर्म मानव समाज को कर्त्तव्य का पाठ पढा कर तदनुसार प्रवृत्ति करने के लिये प्रेरित करता रहता है। साथ ही कर्त्तव्यच्युत व्यक्तियों को नानाविध प्रयत्नों से पुनः कर्त्तव्य पद पर स्थापित करता है। धर्म का अवलंबन लेने पर मानवगण कदापि कर्त्तव्य विमुख नहीं बन सकते हैं, क्योंकि कर्त्तव्य-शून्य धर्म और धर्मशून्य कर्त्तव्य पृथक् २ नहीं रहते हैं।

सांसारिक संपदाएं और भौतिक (पौद्गलिक) सुख को उत्पन्न करने वाले विविध साधन चिर आत्मशांति के बाधक एवं घातक हैं उनमें मूर्च्छाभाव रख कर उक्त धर्मभाव को भूल जाने से जीव सब प्रकार से कर्म बंधन कर दुःखी ही होता है। कहा भी है किः—

कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु।
दुहओ मलं संचिणइ, सिसुणागो व्व मट्टियं॥
वित्तेण ताणं न लभे पमत्तो, इमम्मि लोए अदुवा परत्था।

जैसे अलसिया चिकनी मिट्टी में ही उत्पन्न होता है और चिकनी मिट्टी को ही खाता है तथा उसी चिकनी मिट्टी के सूख जाने पर वह उसमें ही सिकुड़ कर मर जाता है उसी प्रकार मनुष्य मन, वचन तथा काया से स्त्री और धन में गृद्ध बन कर बाह्य और आभ्यंतर प्रवृत्ति से रागद्वेषात्मक कर्मों का ही बंधन करता रहता है किंतु मरणावस्था के प्राप्त होने पर वे संपदाएं किसी भी प्रकार से आत्मा का उद्धार करने में समर्थ नहीं हो सकती हैं। उक्त गाथा में सन्निहित तत्व को ही अपना जीवनमंत्र बनाना चाहिये, जिससे उन पौद्गलिक वस्तुओं का परिचय होने पर भी मोहदशा और मूर्च्छाभाव की जागृति न होकर जीवन का लक्ष्य आदर्श बन जाय। इसी लक्ष्य के अनुसार प्रवृत्ति करते रहने से स्वपरकल्याण सहज ही हो सकता है। वास्ते यदि आत्मा को सुसमाधिवन्त बनाना हो, चिरशांति सुख का आनन्द लूटना हो तो एक धर्म का अवलंबन लेने पर ही ये सब मनोकामनाएं पूर्ण हो सकती हैं। यह तो एक प्रकृतिसिद्ध निश्चित नियम है कि जन्म के साथ मरण भी अवश्यंभावी है, और वह मरण भी तब तक नहीं छूट सकता जब तक कि केवली मरणावस्था प्राप्त न हो। शास्त्रकारों ने भी कहा है किः—

अपूर्ण

# सरलता पत्र

**लेखक. मुनिहेमेन्द्रसागर**

( ગતાંક પૃષ્ઠ ૧૮૦ થી ચાલુ )

परस्त्रीयों की ओर माता की भांति दृष्टि हो, औरांके द्रव्य और पत्थर को समान समझे। प्राणी मात्र को जो अपनी आत्मा के समान मानता है, वही देखता है, और वही पंडित है।

आज दुनियां सरलता का अर्थ मूर्खता में ले जाती है। अपनी ऐसी मान्यता ठहरा रखते हैं कि सरल मनुष्य का कोई सिद्धान्त नहीं हो सक्ता। हर एक रंग में वह मिल जाता है। यह उनकी गहरी भूल है।

सरलगुण आत्मा अपना पथ कायम रखता है उतना कोई नहीं रख सकता, बुद्धि तत्त्व से रहित हो और कार्या कार्य के बिवेक सें शून्य हो वही मूर्ख माना जाता है। सरलता आत्मिकगुण है। सरल हो ते हुए भी राजनीतिज्ञ पुरुष प्रशंसनीय माने गये है, और माने जा रहे है। सरल आत्मा हमेशां दुराचारों से बचता हुआ रहता है। कभी दुराचारियों की हाँ में हाँ नहीं भरता।

वज्रादपि कठोराणि, मृदुनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि, केन ज्ञातुं हि शक्यते ॥१॥

अपने नियम पालन में वज्र सा कठोर मालूम पडता है। ओंरों के प्रति शुभ भावना रखने में पुण्य से भी बढ कर कोमल जान पडता है, ऐसे लोंकोत्तर पुरुषों के चित्त को जानने में कौन शक्तिमान हो सक्ता है, निश्चयी सरल आत्मा '(सत्यं शिवं सुन्दरं) इस ध्रुव सूत्र का उच्चारण करने में तनिक भी मृत्यु नहीं हो सकती मृत्यु से डरने वाला हो कायर या अधर्मी माना जाता है। शरीर का मृत्यु, है परंतु आत्मा का नहीं, सरलगुण धारी आत्मा के साथ सम्बन्ध रखता है ज्ञानदर्शन चारित्रमय शाश्वत है। गुणवान सर्वदा अदीन मन सें अपनी आत्मा का निरीक्ष करता रहता है, मृत्यु से कभी नही डरता।

"प्राण जावे देह तजके आज ही या भले ही कल।
न मुझको दोष दो कोई कि, था डरपोक मरने का ॥
बिता या है सदा मैने सुजीवन नाम पाने में।
वही मरने से डरता है जो पापी या अधर्मी है ॥

सरलता के सिवाय और कोई श्रेष्ठ गुण देखने में नहीं आया विवेक विनयादि गुणों से पूर्ण सरलता को जीवन में स्थिर रखने के लिए वारम्बार विचार करते रहना चाहिए। जिस के जीवन मे यह गुण सहज भावसे प्राप्त हुआ है उन महानुभावों को कोटिशः वन्दन हो।

महर्षि हरिभद्रसूरिजी, सिद्धर्षिजी, महोपाध्याय यशोविजयजी आदि महानुभावों के चरित्र अवश्य विचारने योग्य है उनो के चरित्रों सें 'सरलता' प्राप्त होति है यह निःसंशय है॥

**मुनि हेमेन्द्रसागर**

जावाल (शिरोही) ता. २०-११-३९

# ધર્મ્ય વિચાર

લે. ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી.

(ગતાંક પૃષ્ઠ ૧૮૯ થી અનુસંધાન)

(૩) માતા એ શબ્દનું મહત્ત્વ અપાર છે. એના વિના કશાની હયાતી જ નહિ! પોતાના અસ્તિત્વને લાવનાર વિષે કોઈ શું વિચારી શકે? માતા ગમે તેવી હોય તોય શું? તેનાથી ઉત્પન્ન થનારને માટે તે સદા પૂજ્ય અને પવિત્ર છે. પોતે તેનાથી કદાચ ત્યજાય, પણ તે કદિ ત્યાજ્ય નથી. એનામાં જે ગૌરવ હતું તે તને આપ્યું. વધારે ક્યાંથી આપી શકે? એણે જે નૂર ગુમાવી તને અર્પ્યું છે, બસ, એટલાથી જ તું જીવનભર કૃતજ્ઞતાથી વર્તજે, અને પૂર્ણ ફરજ બજાવજે. તેણે તને જાતિનો ઉમદા અને મહાન વારસો આપ્યો હોય તો તેનો હિસાબ ભલેને, જગત બેઠું બેઠું કર્યા કરે. તારે તેનો હિસાબ કરવાનો હોયજ નહિ. તારે કરવાનું એજ છે કે, એ વારસો કદાચ નિર્જીવ હોય તો, તે નિર્જીવ નથી એમ જગતને બતલાવી આપવાનું છે.

'મહાવીરો'ને પણ જનનીની કુખ દીપાવવાનું કહેવામાં આવે છે તે એટલા જ માટે મેરૂ સમ ધીરજવંતો 'વીર' સ્થિરતા છોડી દઈ 'હાલે' તો માતાની અંતઃપ્રેરણાથીજ, બીજાથી નહિ. તત્ત્વવેત્તાના જ્ઞાનની કીમ્મત આપી શકાય, પણ માતાના અજ્ઞાનની કીમ્મત આપવી હોય તોય તે ઘણી જ મોંઘી અને મુશ્કેલ છે. એ કીમ્મત આપતાં 'મહાનો'ને સંકોચાવું પડે છે.

સ્ત્રી હૃદયના અંશથી પુરૂષના હૃદયાંશને સ્પર્શે છે. માતા હૃદયના અંશથી

તેનાં શરીર અને હૃદયને સર્જાવે છે. આથી સ્ત્રી બહુ બહુ તો પુરૂષનો મિત્ર બની શકે; માતા સરજણહાર 'પ્રભુ'નું બીજ ઝીલનારૂં, પોષનારૂં ધાત્રીસ્થાન છે. આધારની અવજ્ઞા કદિ પણ કોઈ બુદ્ધિમાન નજ કરે. માતાનો ભક્ત હોવાનું ગૌરવ ત્રણ લોકના રાજ્ય કરતાં યે વધારે છે.

જાતવાન, ગુણીયલ, પવિત્ર માતાઓ પ્રતિ સંતાનની પૂજ્યતા અને કર્તવ્યતા વિષે તો કહેવું જ શું? તે જાણવાને માટે 'મહાવીરો' તરફ જરીક નજર નાંખો અને શીખવાનું ત્યાંથી જ શીખી લ્યો. જીંદગીનો સૌથી પહેલો એ ગુરૂ એની આજ્ઞા અનુલ્લંઘ્ય જ હોય. એના હૃદયને દુખવવું, દુભવવું કે પજવવું એના જેવું અઘોર અને નિર્દય કાર્ય કોઇ પણ નથી. એની આશિષ સિવાય સંસારની કોઈ પણ સફર સફલ થતી નથી.

'दुष्पडिहार' ઘણાં જ થોડાં સ્થળોમાંનું આ એક સ્થળ અને તે ત્રણમાં સૌથી પ્રથમ. શુભ માર્ગમાં સંચરવાને તેની રજાથી ઉત્સર્ગવિધાન, એ પણ આ જ કારણે. તેના પ્રતિ પોતાની ફરજ શું છે, એ પશુઓ સરખા જે હોય તેઓ જ ન વિચારી શકે એમ નીતિ ઘડનારાઓ ભાખે છે તે પણ એટલાજ માટે.

માતાથી ઉતરતા પણ અન્ય સર્વથી ચડીયાતા પૂજ્યતાના દ્વિતીય સ્થાન પર રહેલા પિતાના માટે પણ ઉપરોક્ત ફરજનું પાલન તત્સમાન જ છે. 'માબાપ' એ દ્વંદ્વસમાસીભૂત શબ્દ ન વિસરાય એવો છે. એને કોણ વિસારે? પશુ, મનુષ્ય નહિ. ઓ! અનાથ બચ્ચાંઓ! તમે છેક અસુરા સુધી વાટ જોઈ છેવટે ભૂખ્યાં તરફડી મરો છો. શા માટે? તમારી ઘવાયલી માતા તૂટી પાંખે ઉડતાં, પરાણે અતિપરાણે પંથ કાપતાં અંતે તમને યાદ કરતી જ રસ્તામાં પ્રાણને વિસર્જન કરી દે છે! [ચાલુ.]

## કળીયુગની દૃષ્ટિએ આત્મિક વસ્તુઓનું

# પ્રથમ સાધન.

લેખકઃ—પં૦ શ્રી કલ્યાણવિજયજીગણી.

[અંક ૪. પૃ. ૧૪૦ થી ચાલુ.—]

દેરાસરમાં મુખ; નાસિકામાંથી શ્લેષ્મ કાઢે, ક્રિડા કરે, વાણીનો કલેશ કરે, અનેક જાતની કળાઓ શીખે, પાણીનો કોગળો કરે, તાંબુલ ત્યાગ કરે, એકબીજા ગાળાગાળીથી ખુબ લઢે, પોતાની લબ્ધીને કેળવે, સ્નાન કરે, કેશોને ઉતારે, હાથ અને પગના મેલ કાઢે, શરીરના અવયવોમાંથી લોહી નીકળે તેનો ત્યાગ કરે, આટલા દોષ શરીર સંબંધી જાણવા યોગ્ય છે.

આ જમાનામાં કેટલાક આત્માઓ ગોઠી વિગેરેની સાથે અનેક રીતે કલહકંકાસમાં પડી આત્મિક વસ્તુઓને સિદ્ધ કરવાનું ભુલી જાય છે. પૂજાઓ કરતાં પણ અનેક જાતના વાર્તાલાપ કરે, ચૈત્યવંદન કરતાં પણ ડામાડોળ અવસ્થામાં

હોય, પ્રક્ષાલન કરતાં પણ વિહ્‌વળતા કરે, વાળાકુંચી કરતાં પણ ખુબ ઘસે, આવી રીતે પુજન કરતાં વિવેકદ્રષ્ટિને કોરાણે છોડીને પુજન કરે, તેનો પણ આશાતના તરીકે, જ્ઞાનીઓએ પ્રકાશ કરેલો છે.

દેરાસરમાં આનંદપૂર્વક ખાવા લાગે, ચામડી આદિનો છેદ કરે, મુખમાંથી પિત્ત કાઢે, વમન કરે, પડી ગયેલા દાંત નાંખે, બહારથી આવતા શ્રમણને દૂર કરવા શાંતિપૂર્વક બેસે, બકરાં, ગાય વિગેરે તિર્યંચોને બાંધે, દાંતનો મેલ, આંખનો મેલ, નખોનો મેલ, તેમજ શરીરનો મેલ વગેરે જિનગૃહમાં ઉતારે, શરીર સંબંધી બાકીના અવયવોની જિનગૃહમાં અજ્ઞાનતાના આધીનને વશ બની આશાતના કરે તો, તેવી આશાતના તે આત્માને મલીન અધ્યવસાયમાં મૂકે છે. જેમ શેઠનો અવિનય થાય તો નોકરીમાંથી ઉતરવાનો પ્રસંગ આવે, રાજાનો અવિનય થાય તો દંડ વિગેરેની શિક્ષા ખમવી પડે, તેમ મહાન તિર્થંકરોના દેરાસરોની આશાતના થાય તો આત્માને આત્મિક અમુલ્ય વસ્તુ ગુમાવવાનો પ્રસંગ આવે એ સ્વભાવીક છે.

વળી આશાતનાના વિશિષ્ટ પ્રકારો નીચે મુજબ, ભૂતાદિને નિગ્રહ કરવા. તેમજ રાજાદિને વશાદિ કરવા મંત્રાદિનો પાઠ કરવા બેસે, વિવાહાદિ કાર્યનો નિર્ણય કરવા કુટુંબીજનોને ભેગા કરે, તે પણ આશાતના બતાવેલી છે. ગૃહસ્થના ગૃહ સંબંધી કાર્યોની દેરાસરમાં વિચારણા થાય તેથી પણ પ્રથમ નિસીહીનો ભંગ થાય છે. વાસ્તે જ આશાતનામાં યોજેલ છે. વિવાહાદી કાર્યના લેખ (પત્રો લખે) અગર ગૃહસ્થો સંબંધી વ્યવહારમાં યોજાયેલા (ખેતર, દુકાન, ઘર વગેરેના) લેખો લખે પુત્રાદિને આપવા લાયક ચીજોના વિભાગ કરે, અગર પુત્રીને આપવા યોગ્ય દાયજાનો વિચાર કરી આપે, ભાઈઓના ભાગનો વિભાગ કરે, પગ ઉપર પગ ચઢાવી અયોગ્ય આસને બેસે, બે પગમાં ખેસ બાંધી બેસે. દેરાસરમાં છાણ એકત્ર કરી છાણાં બનાવે, વસ્ત્રને સુકવે, મગ, બાજરી, ઘઉં વગેરે ધાન્ય સુકવે, અગર ભરડે, તથા પાપડ, વડીઓ વિગેરે સુકવે, રાજા, શેઠ વગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ જાય, પુત્ર સ્રી વગેરેના વિયોગથી રૂદન કરવા બેસે, દેરાસરમાં ચાર પાંચ કે બે ત્રણ કે વિશેષ ભેગા થઇ વિકથા (રાજકથા, દેશકથા, સ્રીકથા, ભક્ત કથા, ધર્મભેદિની કથા તથા ચારિત્ર છેદીની કથા) કરે, વિકથા એટલે નિંદા, 'નવરા બેઠા નખ્ખોદ વાળે' આ કહેવતને યાદ કરી વિકથાના સદ્‌ભાવે આત્માના મલીન ભાવની પુષ્ટિ કરે, તે આત્માને હિતકારી નથી. વિકથાથી એક બીજાને વેર પરંપરા ચાલુ રહે છે, તેથી પણ આભવ અને પરભવ હિતકારી નથી, તેજ મહાન નુકશાની દેખાય છે. બાણને તથા શેરડીને અગર કાપવા લાયક જે જે વસ્તુઓ હોય તે તે વસ્તુઓને છોલી કાપે, ઠંડીની મોસમમાં અગ્નિને ઉત્પન્ન કરી તાપવા બેસે તથા અન્નાદિને પકાવે; માપો તથા કાટલાં વિગેરેની પરિક્ષા કરે. [અપૂર્ણ]

# "મૂર્તિપૂજાના વિરોધમાં".....

લે. મુનિ. ન્યાયવિજયજી. (ઇડર)

(અંક. ૬ પૃષ્ઠ ૧૯૦ થી અનુસંધાન)

હમણાંજ દાહદોગટમાં સ્થાનકમાર્ગિ મુનિ લાલચંદજીએ પોતાના ગુરૂ ભર્તાજીસ્વામિની સમાધિ સ્મૃતિરૂપે એક સમાધિ મંદિર બનાવ્યું છે. સુંદર દેરી બનાવી પાદુકા બિરાજમાન કરાવી છે. બાગ–કુવો આદિ કરાવી દસહજાર ઉપરાંતનો વ્યય કરાવ્યો છે. ત્યાં સુધી નોબત આવી પહોંચી છે કે દર વર્ષે ત્યાં ઉત્સવ થાય છે. આ બધું અમૂર્તિપૂજક સંપ્રદાયમાં બને છે, અને છતાંયે તે સંપ્રદાય એમ કહે છે કે અમે મૂર્તિ માનતા નથી.

આથીપણુ આગળ વધવાના પ્રસંગો આવ્યા છે. જૈનમંદિરો ઉપરતો શિખર બને છે અને સોનાનાં ઈંડાં પણ ચડે છે. દિલ્હીમાં સ્થાનક ઉપર ઈંડાં–કલશ ચડયાં છે, અને હમણા છેલ્લે બીજાદેલીમાં ફા. વ. ૫ ને સોમવારે ઉત્સવ પૂર્વક સ્થાનક ઉપર સોનાના કલશ ચઢયા છે. અને આરીતે જીનમંદિરો માટે વિરોધ કરનાર આ સંપ્રદાય પરોક્ષ રીતે મૂર્તિની ઉપાસના કરતો જાય છે, એ ઓછા હર્ષની વાત નથી.

આ અમૂર્તિપૂજક સંપ્રદાયે જીનમૂર્તિનો વિરોધ કરી લાભને બદલે હાનિ જ કરી છે. કેટલાએ જૈનો એ સંપ્રદાયમાંથી નીકળી આર્યસમાજી બન્યા છે. અમૂર્તિપૂજાના સિધ્ધાંતમાં ત્યાં સમાનતા ભાસી અને સાથે જ તે સંપ્રદાયની સંકુચિત મનોવૃત્તિ એ, અજ્ઞાન જન્ય અહિંસક પ્રવૃત્તિએ–અહિંસાની વિકૃતિએ કેટલાએ જૈનો સંપ્રદાય છોડી અન્ય ધર્મમાં ચાલ્યા ગયા છે. આજે અમૂર્તિ-પૂજાનો સિદ્ધાંત, માત્ર જીનમૂર્તિ નહિં માનવામાં જ રહ્યો છે, જ્યારે જીનવરેન્દ્રની મૂર્તિના કટ્ટા વિરોધી એવા કેટલાયે સ્થાનકવાસિ મહાનુભાવોને મિથ્યાત્વ દેવ દેવીઓની પૂજા ઉપાસના કરતા ઘણી વાર જોયા છે. હોળી પૂજન–તેના દેવપૂજન ઈલાજીનું પૂજન–શીતળાપૂજન–કાલિકાપૂજન–હનુમાનપૂજન–પીપળાના ઝાડનુંપૂજન ઈત્યાદિ અનેક પૂજનો શરૂ થઇ ગયાં છે. રાજપુતાનાનું એક ગામ એવું ભાગ્યેજ હશે કે જ્યાં આ અમૂર્તિ પૂજકોમાં કોઈ મિથ્યાત્વી દેવ દેવીઓનું પૂજન કરતાં ન હોય. અરે હિન્દુ દેવ દેવીઓ નહિં કિન્તુ મુસલમાની કબરો અને પીરોની પૂજા પણ અમૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાલુ છે. એક બાજુ સમાધિ–સ્મૃતિ ચિન્હોને નામે ગુરૂડમવાદની ઉપાસના વધતી જાય છે, ત્યારે બીજી બાજુ મિથ્યાત્વી અને મ્લેચ્છ ગણાતા દેવદેવીઓની ઉપાસના વધતી જાય છે.

મને લાગે છે કે યદિ સાક્ષાત્ લોંકાશાહ આજે આ ભૂમિમાં આવીને જુવે

તો તેમણે ચલાવેલા પોતાના પંથની પરિસ્થિતિ જોતાં તેમને જરૂર આંસુ આવે. અરે એટલું જ નહિ યદિ તેમની અપીલની અસર થતી હોય તો તેઓ પોતાની સમાજને અપીલ કરે કે મહાનુભાવો આ ગુરૂડમવાદને ફેંકીદ્યો, આ મિથ્યાત્વ દેવદેવીઓની ઉપાસનાને તિલાંજલી આપી દઇ શુદ્ધ માર્ગે આવી જાઓ. યદિ મારા મૂર્તિપૂજાના વિરોધનું આ પરિણામ આવત એમ મને સ્વપ્ને પણ કલ્પના હોત તો હું જીનપ્રણીત જીનમૂર્તિપૂજાનો વિરોધ કદી ન જ કરત વગેરે વગેરે અપીલ કાઢત.

સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન મુનિઓ અને નેતાઓએ સવેળા જાગૃત થઇ વધતા જતા ગુરૂડમવાદ ઉપર અને મિથ્યાત્વ દેવદેવીઓની ઉપાસના સામે લાલ બત્તી ધરવાની જરૂર છે. નહિ તો ભવિષ્ય બહુ અંધકારમય આવતાં વાર નહિં લાગે.

આજે કેટલાએક સ્થાનકમાર્ગિ સાધુઓ શ્રીજીનવરેન્દ્રની ઉપાસનાનો વિરોધ કરે છે, પરન્તુ આ ગુરૂડમવાદ સામે કે મિથ્યાત્વી દેવદેવીઓની ઉપાસના સામે એક હરફ પણ ઉચ્ચારતાં સંકોચાય છે. આમાં મુખ્ય કારણ એ જોવાય છે કે તે સાધુઓ અજૈન હોય છે. અજૈન સંસ્કારોમાં કેળવાયેલા હોય છે એટલે તેઓમાં પોતાના પૂર્વ સંસ્કારોની દ્રઢતા; એટલી સચોટ છાપ પાડેલી હોય છે કે જેથી મિથ્યાત્વી દેવ દેવીઓની પૂજાના પ્રચારમાં આપણું માન અને સત્કાર વધે છે જેથી તેની ના પાડી શકાય જ નહિં. માત્ર જીનપૂજાની જ નાપડાય છે.—

[ચાલુ]

# મનસાગરનાં મોજાં

લેખક—**બાપુલાલ કાળીદાસ સંઘાણી. "વીરબાલ".**

( ગતાંક પૃષ્ઠ ૧૯૨ થી અનુસંધાન )

દયા, ક્ષમા, વગેરે મહાપુરૂષોના જીવન વૃક્ષોનાં સાહજિક ફળો છે. મહા. પુરૂષ જીવનસંગ્રામમાં રચ્યોપચ્યો હોય છે. એને કોણ શસ્ત્ર પ્રહાર કરે છે, કોણ દ્વેષ કરે છે. એ જોવાની કે ધ્યેય વિહોણો અન્ય વિચાર કરવાની ફુરસદ હોતી નથી એતો અન્ય સર્વ ક્ષેત્રેથી ધ્યાન ખેંચી લઈ આદરેલા કાર્યમાં એકતાર રહે છે. આ એકાગ્રતાનાં જુજ રૂપે દર્શન કરી આપણે એને અહિંસા, દયા, ક્ષમા એવાં નામ આપીએ છીએ. આપણી ટુંકી દ્રષ્ટિ આ અહિંસાદિનાં નામોને પાર કરી જીવનવીરના હાર્દને પિછાની શકતી નથી.

ભાવપૂજા એજ ખરી પૂજા છે. દ્રવ્યપૂજા ભાવપૂજાને પુષ્ટી આપનારી હોઈ બાલઉપાસકને ખાસ જરૂરી છે. ભાવપૂજા એટલે આત્મિકવિચાર.—આત્મ—વિકાસના વિચારો. ધ્યાન વા સમાધિ.

અવિવેક, ખરાબ વિચાર, વર્તન, કે વાણી કરવાં એ ઉપાસના મંદિરની

આશાતના છે. અવિવેક છે. કારણ કે એવા અવિવેકથી ત્યાંની હવામાં તેવાં પરમાણુ ઉત્પન્ન થઇ મંદિરના વાતાવરણને કલુષિત કરે છે. એ વાતાવરણ અન્ય ઉપાસકને તેમજ આપણને પવિત્ર વિચાર, અને આત્મિક શાંતિમાં ડખલ કરે છે. પવિત્ર વિચારોને ઉદ્દભવવા દેતું નથી. માટે ઉપાસના મંદિરમાં દાખલ થઇ માનવીએ વિચાર, વાણી. અને વર્તન સૌમ્ય રાખવા ખાસ સંભાળ રાખવી.

આશાતના કરનારને તેનું ફળ અન્ય ઉપાસકો કરતાં વધુ પ્રબળ રીતે ભોગવવું પડે છે સમાન સમાનને ખેંચે છે. એ નિયમ અનુસાર આપણે વહેતાં મુકેલાં પરમાણુઓ પોતાના સમાનધર્મી એવા આપણા ઉપર તુરત પાછો હલ્લો કરી આપણને આત્મિકશાંતિથી દૂર ખેંચે છે.

જેને આત્મવિકાસની ખરેખરી ધગશ હોય તેને તો આખું જગત ઉપાસના મંદિર છે. એટલે એ વ્યક્તિએ જીવનની એકે એક ક્ષણ માનસિક, વાચિક, કે કાયિક શક્તિનો એ રસ્તે અપવ્યય ન થાય એ ખાતર જાગૃત રહેવું જોઇએ.

મૂર્તિની સામે પૂંઠ કરવી એ આદર્શ સામે પૂંઠ કરવા બરાબર છે.કારણ કે મંદિરમાં જવાનો આપણો મુખ્ય આદર્શ મૂર્તિ મારફત વિતરાગતા, શાંતિ, નિર્ભયતા અને અહિંસાનો વિચાર કરવાનો છે–પાઠ શીખવાનો છે. આદર્શ સામે પૂંઠ કરો એટલે હરાયાં ઢોર જેવું આપણું જીવન થાય.

સ્ત્રીઓ વારંવાર પાનીએ જોતી હોવાથી “બૈરાંની બુદ્ધિ પાનીયે” એ કહેવત પ્રચલિત થઈ છે. માટે આદર્શ સામે નજર રાખવી એમાંજ વિકાસ છે.

જે ક્રિયા, વાણી કે વિચારથી આત્મવિકાસ થાય તેજ ધર્મ.

જે ક્રિયા, વાણી કે વિચારથી આત્મ વિકાસ થતો અટકે, યા થયેલા વિકાસમાંથી પાછા પડાય તે પાપ.

ધર્મ એટલે આત્મવિકાસ, પાપ એટલે આત્મવિકાસનો નાશ અથવા અટકાવ.

આત્મવિકાસ કે ઘાતમાં મુખ્ય ભાગ ભજવનાર મન છે. વાણી અને ક્રિયા એ મનમાં આવેગ ઉત્પન્ન કરનારાં અને પોષનારાં મહત્વનાં અંગો છે. માટેજ મનની પવિત્રતા સાથે વાણી અને આચરણની વિશુદ્ધિ માટે વારંવાર કહેવામાં આવે છે.

---

## સુધારો

સદર માસિકના પોષ માસના અંક ત્રીજાના પૃષ્ઠ ૧૧૭ માં અમદાવાદના સમાચારમાં જૈનાચાર્યશ્રી સિદ્ધિસૂરીજીના શિષ્ય રંગવિજયજીના શિષ્ય રાજવિજયજીએ સરસપુરમાં વાસણશેરીના ઉપાશ્રયે ચૌમાસી ચૌદશ ગુરૂવારે કરી કાર્તક પૂર્ણિમા શુક્રવારે આરાધેલ છે, તેમ જણાવેલ છે, તે સમાચાર સાચા નથી પણ તેઓશ્રીએ ચૌમાસી ચૌદશ બુધવારની કરી કાર્તિક પૂર્ણિમા ગુરૂવારે કરી ભાવસાર વનમાળીદાસને ત્યાં ચાતુર્માસ બદલેલ છે, તેમ તેમના કહેવાથી અમો સુધારો સુચવીએ છીએ.

# सुखी जीवन

(लेखक-भिक्षु भद्रानंदविजय. मु. वांकली, मारवाड)

जगत के समस्त जीव सुखी और आनंदमय जीवन व्यतीत करने की इच्छा रखते हैं। और तदनुसार यथाशक्ति प्रयत्न शील भी बने रहते हैं। किन्तु अपने ही पास विद्यमान सुख को भूल कर इतउत परिभ्रमण करते रहते हैं परन्तु बहुतेक लोगोकी यह मान्यता हैं कि धनसे वैभव अथवा संसारिक पदार्थ प्राप्त होने से हमे सुख व आनंद मिलेगा, ऐसा मानना केवल बालु (रेती) में से तेल निकालने की ईच्छा करना जेसा है, लेकिन वास्तवमे देखा जाय तो यह स्पष्ट ज्ञान हो जाता है कि धन आदि प्राप्त होने पर भी सुख दूर २ ही भागता है, जिन के पास पर्याप्त धन, वैभव, प्रासाद और नौकर आदि उपस्थित है वे भी दुख के नाम पर सदा रुदन किया करते हैं अतः सुखकी प्राप्ति का आधार धन या संसार के अन्य पदार्थ पर नही है किन्तु शांतिमय जीवन व्यतीत करने की आदत प्राप्त करने से ही सुख प्राप्त होता है, और शांतिमय जीवन सदाचार एवं सत्यमार्ग के अवलंब से प्राप्त होता है, क्यों कि जो मनुष्य सत्यमार्ग से चलते है वेही सदा शांत व गंभीर और आनंदयुक्त होते है इस लिए सुखाभिलाषियोंको सदा पवित्र जीवन बिताना, मन के उपर संयम रखना, और हृदय विशुद्ध रखना चाहिए आवेश चिंता और भय को त्याग देना चाहिए स्वात्मबल प्राप्त कर के शांतिका अनुभव करना चाहिए, इस शांति को जो मनुष्य प्राप्त करते है उन में सदगुण शशि देदीप्यमान बन कर रहती है, देखिए जिनके पास धन या रहने का स्थान न होने पर भी मस्त, आनंदी, निश्चित और सुखी कई मनुष्य होते हैं। उन महात्मा पुरुषो के समागम मे आने से यह मालूम होता है कि वे कैसे शांत व गंभीर और आनंदयुक्त होते हैं। धन और वैभव के प्रभाव में भी उनका चित्त व्यग्र नही होता वे सदैव आनंद में मस्त रहते है इन महापुरुषों के संसर्ग से मनुष्यो को शांति एवं सुखानुभव होता है और उन में सद्गुणों का प्रादुर्भाव हो जाता है, जिन मे शान्ति लेशमात्र भी नही है उन में चाहे जितनी प्रबल शक्ति क्यों न हो पर वह बन्धयावत ही है अशांत मनुष्य की शक्ति व्यर्थ में क्षीण हो जाती है, व्यवहार के छोटे छोटे कार्यो में विघ्न उपस्थित हों जाने से जिन का

चित्त व्यग्र बन जाता है अर्थात् क्रोधित हो जाता है उन में जो आत्मबल का प्रभाव होता है वह और जो कुछ शारीरिक बल रहता है उसका भी क्षय हो जाता है ऐसे मनुष्य निर्बल एवं कायर माने जाते है, इनका प्रभाव अन्य लोगों पर कुछ भी नही पडता लोभ पाप के फंदे मे फस कर जो मनुष्य अपने जीवन में विपत्तियों प्राप्त होने पर उद्विग्न एवं विभ्रम हो कर चिंतातुर हो जाता है वह स्वकीय आत्मिक शांतगुण एवं समता भाव आदि को भूल जाता है निदान बलबिहीन हो कर महान् दुखी होते है, जिन का अपने स्वभाव पर स्वामित्व नही रहता उनका प्रभाव अन्यो पर केसे पड सकता है अर्थात् ऐसे मनुष्य सहज बात में उत्तम बन कर निज उत्तम शारीरिक व मानसिक बल देवा देते है, धर्मिष्ठ और सद्‌गुणी मनुष्य ही अपने को वश में रख सकते है और अपने आवेशों को रोक कर निज मनो विकारो पर पूर्ण अंकुश रख सकते है, जो मनुष्य वासनाओं को काबू मे रख सकते है उन्हो के वशमे मन धीरे धीरे आकर दास सदृश बनकर रहता है और शांति भी उन्ही की सेविका बन जाती है, नीतिकारो का कथन है कि:—

मन सब पर असवार है, मनको मोल अनेक ।
जो मन पर असवार है सो शूरांमे एक ॥

अर्थात् मनका आधिपत्य सर्व संसार पर है, किन्तु जिसका मन पर आधिपत्य है वही शांतजीवन के सुखपूर्ण रहस्यों को प्राप्त कर सकता है, शास्त्रकारो का भी यही कहना है कि—

मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ।
चित्ते चलति संसारो, निश्चले मोक्षउच्यते ॥२॥

अतएव संसारिक बंधनो का एवं उनसे मुक्त होने का साधनो प्राय मन ही पर निर्धारित है संसार की पर्यटनावस्था मनकी चलित प्रकृतिसे संबंध रखती है, और उसी चलित प्रकृति से मनकी मुक्तावस्था ही मोक्षसुख का साधन है क्योंकि—

यादृशी भावना यस्य सिद्धिर्भवतितादृशी भावना भव नाशीनि

अतएव सुखी जीवन की प्राप्ति के लिए शांतस्वभावी, सदाचारी एवं चंचलता रहित बनना चाहिए.

# "पर्युषणकी भटे," નો જવાબ.

## ( રાવસાહેબ શ્રીકૃષ્ણુલાલજીની માન્યતાઓનું અવલોકન )

લેખકઃ—મુનિરાજશ્રી પ્રેમવિમળજી મહારાજ, અજમેર

(અંક ૬ પૃ. ૧૯૧ થી અનુસંધાન)

ભલે કૃષ્ણુલાલજી સ્વમતની ધુનમાં જૈન નીતિ માટે ગમે તે પ્રકારનું લખાણુ લખવા પ્રેરાતા હોય પરંતુ વેદ શાસ્ત્રમાંજ ફરમાવે છે કે **हस्तिनाताडयमानोऽपि न गच्छे ज्जैनमंदिरम्** તથા વેદશાસ્ત્રોમાં ફરમાવેલ હિંસાત્મક વિધાનોનો નિષેધ કરનારને **नास्तिको वेदनिंदकः** વગેરે વાકયો દ્વેષબુદ્ધિ સિવાય બીજું શું સૂચવે છે? સામેથી હાથી મારવા આવે તો પણુ મરણુને શરણુ થવું યોગ્ય છે. પરંતુ જૈન-મંદિરમાં પ્રવેશ કરવો નહિ એ શ્લોકના બનાવનારાઓ કઈ જાતના સમતાભાવી છે, તે સમજવું મુશ્કેલ નથી. **परलोको नास्ति मतिर्यस्यास्तीति नास्तिकः** પર-લોકાદિ નથી તેવી બુદ્ધિવાળા મનુષ્યનેજ નાસ્તિક કહેવાય છે. ત્યારે **परलोकाऽस्ति मतिर्यस्यास्तीति आस्तिकः** પરલોકાદિ છે તેવી બુદ્ધિ જેનામાં છે તે આસ્તિક છે. જૈનો જ્યાં સુધી પરલોકાદિને માને છે ત્યાં સુધી કોઇની પણુ તાકાત નથી કે પરલોકાદિનું અસ્તિત્વ માનનાર સાચા જૈનને કોઈ નાસ્તિક બનાવી શકે, આવા રાગદ્વેષથી ભરેલ લખાણો બાજુ પર રાખવામાં આવે તોયે ચાલુ વર્તમાન કાળમાં પણુ જે ગેરવર્તાવ જૈનજાતિ પ્રત્યે થઇ રહેલ છે, તે પણુ ઓછો દુઃખદ નથી. ઉમરાવતી શહેરમાં તા. ૧૩–૯–૪૦ના રોજ હિંદુમહાસભાના પ્રમુખ ભાઈ પરમાનંદજીએ જાહેર ભાષણુમાં જે હિચકારા હુમલા જૈનધર્મ પ્રત્યે કર્યા છે, તે જૈનસમાજ કદાપી ભુલી શકે તેમ નથી. અનેકસ્થાને જયાં જૈનજાતિ ઓછી સંખ્યામાં છે. ત્યાં હિંદુ અગ્રેસરો તરફથી સખ્ત પ્રહારો જૈનધર્મ પ્રત્યે આજે પણુ થઈ રહેલ છે. તે ખુલ્લી આંખે દેખવા છતાંય કૃષ્ણુલાલજી એ અનિ-ચ્છનીય વાતાવરણુ પ્રત્યે આંખ મિંચામણાં કરે એ ખરેખર કૃષ્ણુલાલજીને શોભી શકે તેમ છે? આવા પ્રકારના વિકટ પ્રસંગોમાં કોઈ જૈનધર્મપ્રેમી મનુષ્ય **दण्डसाध्यास्तु दुर्जनाः** દુષ્ટ મનુષ્યો શિક્ષાથીજ વશ થાય છે. એ ન્યાયને અનુ-સરીને હિન્દુશાસ્ત્રો અને એમના દેવોનું સત્યસ્વરૂપ પ્રગટ કરે એ સ્વાભાવિક છે. સાથે ૩૨ કરોડ હિંદુઓની દયા ચિંતવનાર કૃષ્ણુલાલજીને પણુ પુછીએ છીએ કે નિર્દોષ પ્રાણીઓની ઘોર હિંસા કરવાનો હક્ક તમને કયાંથી અને કેવી રીતે પ્રાપ્ત થયો છે. તેનો ખુલાસો કરશો કે?

યાદ રાખવાની જરૂર છે કે ન્યાય અને સત્યનો ઇજારો (ઠેકો) ધરાવનાર મનુષ્ય, નિર્દોષ અને મુંગા પ્રાણીઓની ઘોર હિંસા ધર્મને બ્હાને કરવાનું

કદાપી યોગ્ય માની શકશે નહિ. હિંદુશાસ્ત્રોમાં ક્વચિત કોઇ સ્થાને જૈનધર્મની પ્રશંસા કરવામાં આવી હોય અને તેને સરળ સ્વભાવી જૈનજાતિ યોગ્ય માનતી હોય તેમાં ગુન્હો કયા પ્રકારનો છે? તેનો ખુલાસો કૃષ્ણલાલજી કરી શકશે કે?

હિંદુ શાસ્ત્રોમાં ફરમાવેલી **मद्यमांस च भिन्नं च** તથા **पीत्वा पीत्वा पुनः पीत्वा** તથા **'रजस्वला पुष्करं तीर्थं** તથા **'मातृयो नि परित्यज्य'** વગેરે શ્લોક માટે અજાણપણું જાહેર કરનાર કૃષ્ણલાલજીએ નીચે મુજબ હિંદુશાસ્ત્રોમાં બતાવેલ વિધાનો અવશ્ય દેખવાની જરૂર છે. 'બ્રાહ્મણ સર્વસ્વ' ભાગ ૪ થો અંક ૫ મો. પૃ૦ ૧૯૪ જણાવે છે કે, **वेदशास्त्रमें विहित मद्य-मांस और मैथुनमें दोष नहि हे क्योंकि जिसका विधान कियागया वहधर्म कोटीमें आ गया यजुर्वेदमें वाजपेय यज्ञमें सुराके ग्रहोका विधान हे, एज यजुर्वेदमें सौत्रामणी यज्ञमें सुरा नाम मद्यका विधान हे अग्निष्टोमादि यज्ञोमे अग्नि षोमीय आदि पशुका विधान और यहां शेष मांस भक्षणका भी विशेष विधान स्पष्ट रुपसे विस्तारके साथ किया गया हे।** આ ઉપરાંત વૈદિક યંત્રાલય-અજમેરથી સંવત ૧૯૪૯માં છપાયેલ રૂગ્વેદ ભાષ્યભૂમિકામાં પૃ૦ ૩૪૯ માં અશ્વમેધ યજ્ઞનું વિધાન જણાવ્યું છે. તેમાં લખ્યું છે કે, **अश्वशिश्नमुपस्थे कुरुते वृषा वाजीति, महिषी स्वयमेवाश्वाश्वशिश्नमाकृष्य स्वयोनौ स्थापयति** અર્થ—યજમાનની સ્ત્રીએ ઘોડાનું લીંગ પકડી પોતાની જાતે પોતાની યોનીમાં નાંખવું આ પ્રમાણે જ્યાં સાક્ષાત બિભત્સ અને શરમજનક લખાણો વેદશાસ્ત્રોમાં દ્રષ્ટિગોચર થાય છે. છતાંય શાસ્ત્રનાં નામ અને તેના અધ્યાય જાણવાની ઇચ્છા પ્રકટ કરવી એ કૃષ્ણલાલજી માટે અવશ્ય એક આશ્ચર્યજનક બીના સમજાય તેમ છે. હિંસાત્મક અને વ્યભિચારપૂર્ણ વિધાનો વેદાદિ શાસ્ત્રોમાં હોવા છતાંય તેમાં રહસ્ય માની સાથે આત્મિક હેતુ વાળા કૃષ્ણલાલજી માને છે. જ્યારે બીજી બાજુ શંકરાચાર્યજી ફરમાવે છે કે વેદાદિ શાસ્ત્રાનુસાર જે હિંસા-મદ્યપાન-વ્યભિચાર-જુગાર ખેલવા આદિ કાર્યો કરવામાં આવે તેમાં દોષ સમજવો નહિ.

મનુસ્મૃતિના ૫ મા અધ્યાયમાં પણ લગભગ તેજ પ્રમાણે જણાવે છે કે- **यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा। यज्ञस्य भूत्यै सर्वस्य तस्माद्यज्ञवधोऽवधः** ॥૩૯॥ અર્થ—યજ્ઞ માટે પશુઓની હિંસા થાય છે, તેમાં દોષ સમજવો નહિ કેમકે બ્રહ્માએ પોતે યજ્ઞ માટે અને સંપૂર્ણ યજ્ઞોની સિદ્ધિ નિમિત્તે બતાવેલ છે. તેથી યજ્ઞમાં જે પશુવધ થાય છે તે પશુવધમાં હિંસા દોષ નથી. [ચાલુ]

# ઠેર..ઠેર.....ઉજવાયેલ.ચરમ.તિર્થંકર ....જન્મોત્સવ.

**સાદડી** જૈનાચાર્ય વિજયનીતિસુરીશ્વરજી મહારાજના અધ્યક્ષપણા નીચે ચૈતર સુદિ ૧૩ના સહવારના નવ વાગે ધર્મશાળામાં મહાવીર જયંતિ ઉજવવાનો મેળાવડો ભરવામાં આવવા સાથે સભાસ્થાનને ધ્વજ પતાકાઓથી સણગારવામાં આવ્યો હતો.

પ્રારંભમાં મંગળાચરણ થયા બાદ પન્યાસજી શ્રીકલ્યાણવિજયજી, મુનિ ચરણવિજયજી, મુનિ મલયવિજયજી, મુનિ પ્રમોદવિજયજી, મુનિ અશોકવિજયજી, મુનિ ઉમેદવિજયજી આદિ મુનિ મંડળે આકર્ષક શૈલી અને છટાદાર ભાષામાં, મહાવીર જીવનના બોધદાયક દૃષ્ટાંતોને જનતા સનમુખ વિદ્વતાભરી રીતે રજુ કરી ચરમ શાશનનાયકના જીવનનો સુંદર પ્રકાશ પાડયો હતો. અંતમાં આચાર્ય દેવે મહાવીર સ્વામીના ઉપસર્ગોનું અવલોકન આપતાં, સંસારિક ક્ષણીકસુખ અને મોહમાં ન ફસાતા આત્મિકસુખ મેળવવાની દીશા તરફ વહેવા ઉપદેશથી સીંચન કર્યું હતું.

જન્મ કલ્યાણકના મંગળ દિને મોટા દેરાસરથી બહુજ ઠાઠપૂર્વક વરઘોડો ચઢાવી ધર્મશાળામાં ઉતારી, ત્યાં બપોરના રાગરાગણીથી વાજીંત્રોના મધુરધ્વની સાથે પંચકલ્યાણકની પૂજા ભણાવવા સાથે આકર્ષક આંગી રચાવવામાં આવી હતી.

**તખતગઢ** જૈનાચાર્ય વિજયહર્ષસૂરીજીના નેત્રત્વ નીચે જયંતિ ઉજવવાનો મેળાવડો રાખવામાં આવ્યો હતો, પ્રારંભિક સ્તુતિ થયા બાદ મુનિશ્રી રામવિજયજીએ મહાવીરના જીવનનું સંક્ષિપ્ત અવલોકન આપ્યા બાદ આચાર્યશ્રીએ તે મહાન ઉપકારી શાશનનાયકના જીવનમાંથી ગ્રાહ્ય કરવાલાયક દૃષ્ટાંતોને જનતા સનમુખ રજુ કરી, લોકોને તેમના પગલાને અનુસરી આત્મિક કલ્યાણનો માર્ગ સ્વીકારવાનો ઉપદેશ આપ્યો હતો.

આ મંગળ દિને જિનચૈત્યથી ઘણાજ આડંબરપૂર્વક વરઘોડો ચઢાવવા સાથે બપોરના પંચકલ્યાણકની રાગરાગણીથી વાજીંત્રો સાથે પૂજા ભણાવવા ઉપરાંત, પ્રભુજીને અંગરચના કરાવવામાં આવી હતી, વધારામાં યુવકોએ પ્રભાત ફેરી કરી નગર કિર્તન કર્યું હતું.

**પ્રાંતિજ** જૈનાચાર્ય શ્રીરિદ્ધિસાગરજી મહારાજના આધિપત્યપણાનીચે ત્રણે ફીરકાની એકયતાથી જયંતિ ઉજવવાનો સહવારના નવ વાગે મેળાવડો રાખવામાં આવ્યો હતો. પ્રારંભિક સ્તુતિ બાદ મુનિશ્રી હેમેન્દ્રસાગરજીએ દોઢ કલાક સુધી ઘણુજ વિદ્વતાભરેલુ મહાવીરના જીવન ઉપર વકતવ્ય કરી જનતાને અચ્છો ખ્યાલ આપ્યો હતો, બાદ અન્ય વક્તાઓએ પ્રાસંગિક વિવેચન કરી અંતમાં

આચાર્યશ્રીએ મહાવીરના સમતાના ગુણને દરેક વ્યક્તિએ મંત્રાક્ષર સમજી હ્રદયમાં ઉતારી લેવાની ગવેષણા કરી હતી.

આ મહા મંગળકારી ઉત્સવ દિને યુવકો તરફથી પ્રભાત ફેરી અને નગર કિર્તન થવા સાથે સંઘ તરફથી ત્રણે ફીરકાનું જમણ રાખવામાં આવ્યુ હતું. તેમજ રાતના જીવદયાના ઉપદેશ માટે એક સામુદાયિક સભા યોજવામાં આવી હતી.

**સિવગંજ** પં. મુક્તિવિજયજીના પ્રમુખપણા નીચે મહાવીર જયંતિ પોરવાડની ધર્મશાળામાં વ્યાખ્યાન સમયે ઉજવવામાં આવતા, પન્યાસજી મહારાજ અને અન્ય વક્તાઓએ સમયોચિત વિવેચન કરી બપોરના મોટા દેરાસરે પંચ કલ્યાણકની પૂજા ભણાવવા સાથે આંગી રચાવવામાં આવી હતી.

# રાધનપુરની સામાજિક સંસ્થાઓનું અવલોકન.

## શેઠ બકોરદાસ ઉજમસી જૈન ભોજનાલય અને યાત્રાળુઓની વ્યવસ્થા.

રાધનપુરમાં આ સંસ્થા પૂર્વે, એકલડોકલ સ્વધર્મિ બંધુઆને તેમજ યાત્રાર્થે આવતા યાત્રાળુઓને જમવાની ઘણીજ અગવડ હતી, એતો નિંવિવાદ ! આવી સંસ્થાની સં ૧૯૬૮ના દુષ્કાળના સમયે ગ્રામ્ય વિસ્તારમાંથી અનેક ગ્રામ્યજનો રાધનપુરમાં નિરાધાર સ્થીતિમાં આવીને વસેલા, તે સમયે અત્રેના ધાર્મિક ખાતાઓના અઠંગ કાર્યકર દોસી મનસુખ ભાઇચંદે તે દુષ્કાળમાં જનતાને રાહત આપવા ખાતર, પોતાની ઉદારતાથી સ્વખર્ચે સસ્તા અનાજની દુકાન અને મૂંગા જાનવરો માટે સસ્તા દરે ઘાસ આપવાની ગોઠવણ કરનાર **શેઠ પ્રેમચંદ મુળજીભાઈના** તે ગ્રામ્યજનોને જમવાની પડતી મુસીબત બાબત ધ્યાન ઉપર મુકતા, "ધર્મ કરતાં ધાડ આવે" એ નીતિએ શેઠ મજકુરે ઉપરોક્ત લોકોપિયોગી ખાતાઓ ખોલવાની સાથેજ માંડળના નવલખા કોટુંબની એક મશહુર પેઢી કાચી પડતા અચાનક દશ હજારનો ફટકો પડવા છતાં, આરંભેલા કાર્યો ને ઉદારતાના વેગથી ચાલુ રાખવા ઉપરાંત ગ્રામ્યજનોની અગવડ ટાળવા જૈનશાળાની વાડી જોડેના મકાનમાં કોઈ પણ જાતના નિર્ણીત ચાર્જ લીધા વિના જમાડવા માટે દોસી મનસુખભાઈની દેખરેખ નીચે ભોજનશાળા ખોલી, પહેલ કરવા સાથે તેનો કોઈ પણ પંકતીનો સ્વધર્મિ બંન્ધુ લાભ લેતા ન અચકાય તે ખાતર પૈસા નાખવા માટે એક સીલબંધ પેટી રાખવામાં આવી હતી.

સદર ભોજનશાળા તો દુષ્કાળનો વેગ ઓછો થતાં ગ્રામ્યજનો પોતપોતાના માદરવતન પાછા ફરતા અને સ્થાનિક એકલડોકલ માણસો તે સમયે

આવી સાર્વજનીક ભોજનશાળાનો લાભ ઓછો લેતા હોવાથી બારેક માસ ચલાવી બંધ કરવામાં આવેલ, પરંતુ તે અનુભવે આવી એક સંસ્થાની રાધનપુરમાં કાયમી જરૂરત છે તેમ જનતાને લાગ્યું, અને તેને આભારી દસેક વર્ષના અંતર બાદ શેઠ હીરાલાલ બકોરદાસે પંન્યાસજી શ્રી ભકતીવિજયજી મહારાજના ઉપદેશામૃતથી પોતાના પૂજ્ય પિતાશ્રીના સ્મણાર્થે સં. ૧૯૭૮ના માગસર સુદિ ૮ના મંગળ પ્રભાતે **શેઠ બકોરદાસ ઉજમસીભાઈ** જૈન **ભોજનશાળા**–ગુર્જવાડાની પોમસીની ધર્મશાળામાં ખુલ્લી મુકી, તેના નિભાવાર્થે રૂ. ૨૦૦૦૦) ની નાદર રકમ ઈલાયદિ કાઢી તેનું કાર્ય શહેરના આગેવાન દોસી ભુદરદાસ વછરાજ, વૈદ્ય પ્રેમચંદ જેઠાભાઇ, ને સોપરત કરેલ, સરૂઆતમાં આ સાર્વજનીક સંસ્થા હોવાથી જનતા પૈકી કેટલાક લાભ લેતા અચકાતા હતા, પણ સમયના વહેણ સાથે લોકોની મનોવૃતિ બદલાતાં બહુજ ટુંકા સમયમાં જનતા આ ભોજનશાળાનો ઉત્સાહના વેગપૂર્વક લાભ લેતાં, ભોજનશાળામાં નિયમિત માસિક ચાલીશ ઉપરાંત જમનારા હોવા સાથે છુટક અને યાત્રાળુઓ ગણુતા સરેરાશ સાહેઠથી વધુ વ્યકતીઓ નિયમિત લાભ લેનારાઓ હોય છે.

આ રીતે આ ભોજનાલય સ્થાનિક એકલડોકલ સ્વધર્મિ બન્ધુ અને યાત્રાળુ વર્ગને સારી સગવડ આપતુ હોવાથી સહાયક અને આર્શિવાદ રૂપ થઇ પડેલ છે, ભોજનાલયના કાર્યવાહકો ક્રમશ બદલાતા હાલ તેનુ કાર્ય શંખેશ્વર ભોજનશાળાના માનદ સેક્રેટરી ધામી નેમચંદ ખેગારસીભાઇની દેખરેખ નીચે ચાલે છે. સદર ભોજનાશાળામાં માસિક જમનાર પાસેથી બે ટંકના રૂ. ૬) અને એક ટંકના રૂ. ૪) તેમજ છુટક જમનારના બે ટંકના રૂ. ૦–૩–૩ અને એક ટંકના રૂ, ૦–૨–૦ ધી સાથે લેવાની પદ્ધતી હોવા છતાં, શેઠશ્રી તરફથી અમુક બંધુઓને તેમની સ્થીતિના પ્રમાણુમાં તદન ફ્રી કે ઓછા દરથી પણુ જમાડવામાં આવે છે, અને તેને આભારી પ્રતિવર્ષે એવરેજે રૂ. ૮૦૦) નો ટોટો પડે છે. ભોજનશાળા ને સ્વતંત્ર પોતાનુ મકાન પણુ શેઠશ્રીએ ખજુરી શેરીમાં બંધાવી આપેલ છે. અને હાલ તેમાંજ ભોજનાલય છે.

આ ભોજનશાળાની જોડેજ પારેખ જીવણુલાલ કેસરીચંદે પોતાના પિતાશ્રીના સ્મણાર્થે યાત્રાળુઓને રાધનપુરમાં ઉતરવાની અગવડ હતી, તે પૂરી પાડવા આધુનિક શૈલી અને સાધનો સાથેની એક ધર્મશાળા રૂ. ૨૦૦૦૦) ના ખર્ચે બંધાવેલ છે, જેનોજ લાભ યાત્રાળુઓ સારા પ્રમાણુમાં ભોજનશાળા જોડે હોવાથી લે છે. યાત્રાર્થે આવતા યાત્રાળુઓને પહેલે દિવસે **દાનવીર શેઠ મોતીલાલ મુળજી જે. પી.** મારફત અને બીજે દિવસે **શેઠ બકોરદાસ ઉજમસીભાઈ** તરફથી આ ભોજનશાળા દ્વારા મીષ્ટ જમણુથી કાયમ માટે સ્વધર્મિ બંન્ધુઓની ભક્તી કરવામાં આવે છે.

રાધનપુરના સંઘના પૂન્યોદયે આવી બધી સગવડો હોવા ઉપરાંત સંખેશ્વરથી મોટર સર્વીસ હોવાથી, પૂર્વ કરતાં હાલમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ પ્રાચિન શંખેશ્વર તીર્થની યાત્રા કરી, રાધનપુરના ગગન ચૂંબિત આકર્ષક છવીસ જિન ચૈત્યોના દર્શન ભકિતનો લાભ લઇ મહદ્દ પૂન્ય ઉપાર્જન કરી શકે છે.

તંત્રી.

# મહાત્મા ગૌતમબુદ્ધની અપૂર્વ સેવા
## યાને
# મગધમાં પશુયજ્ઞ પ્રતિબંધ.

લેખકઃ-**શ્રી મંગલદાસ ત્રિકમદાસ ઝવેરી** (થાણા)

મગધની રાજગૃહી નગરીની નજિકમાં વિંધ્યાચલ પર્વતની પાંચ હારમાળાઓ આવેલી છે. જ્યાં દરેક પર્વત ઉપર એક એક જિનાલય, કંઇક મંદિરો તેમજ આત્મહિતાર્થી અધ્યાત્મસેવીઓ અર્થે રહેવાની નાનીમોટી ગુફાઓ અહીં આવેલ છે. આ ગુફાઓમાં કેટલાક યોગીઓ, તપસ્વીઓ અને મંત્રસાધકો ઇશ્વર ચિંતવનમાં અહોરાત્ર મશગુલ રહે છે. કોઇક જપમાં તો કોઇક તપમાં આત્માને ઈશ્વરમય બનાવવા સદોદિત પુરૂષાર્થી જીવો દૃષ્ટિગોચર થાય છે.

વિપૂલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને વૈભારગિરિ નામની પાંચે શિખરમાળાઓ યોગી સંન્યાસી ઉપાસકો અને સાધકોથી ડગલે અને પગલે ભરાએલી દેખાય છે. અનેક યોગીરાજો પાસે સંસાર સમુદ્ર તરવા અર્થે આદર્શ મુમુક્ષુઓ પ્રયત્ન કરતા અહીં દૃષ્ટિગોચર થાય છે.

આ પર્વતની રત્નગિરિ નામની ટેકરી ઉપરથી ઇ. સ. પૂર્વે ૫૯૦-૯૧ના ગાળામાં એક દિવસ પ્રભાતના સમયે એક યુવાન સુકોમળ અને લાવણ્યયુક્ત શાંત મુદ્રામય તપસ્વી આસ્તે કદમે નીચેના ઢોળાવવાળા પ્રદેશ તરફ ઉતરવા પ્રયત્ન કરતો હતો. આ તપસ્વિની અસ્થિર ચાલ ઉપરથી તેમજ તેના શરીર ઉપરના પરસેવાથી એમ સમજાતું હતું કે તે કોઈ પ્રભાવશાળી ત્યાગી રાજકુમાર વૈરાગ્યવાસિત ભાવનાઓ વડે સંસાર ત્યાગી બન્યો હોય.

ટેકરી ઉપરથી નીચે ઉતરતાં અચાનક આ ત્યાગી પુરૂષના કાને પશુઓના કરૂણ આર્તનાદ સંભળાયા. આ કરૂણામય અવાજો સાંભળી આ મુમુક્ષુનું હૃદય ઘવાયું, અને ત્વરિત ગતિએ તળેટીએ પહોંચી ત્યાંથી પસાર થતા ઘેટાંનાં ટોળા તરફ તે પહોંચી ગયો. જ્યાં તેની દૃષ્ટિએ આ ઘેટાંનાં ટોળામાંથી એક લંગડાતા ઘેટાંનાં બચ્ચાંને તેનો માલિક નિર્દયતાથી માર મારી આગળ ચલાવતો હતો,

જેથી આ અપંગ બચ્ચું બેં બેં કરી આક્રંદ કરતું હતું. ઘેટાંનાં ટોળાનાં વચમાં જઈ પહોંચેલા દયાસાગર આ યુવકે તે બચ્ચાંને ઉપાડી લઈ તેને છાતી સાથે ચાંપ્યું, અને તેના પ્રત્યે પુત્રવત્ પ્રેમભાવ બતાવ્યો.

કુદરતી સંજોગોમાં તારણહારની ગોદમાં જઈ ચઢેલ આ નિર્દોષ બચ્ચાંએ આક્રંદ કરવું મૂકી દઈ પોતાને અભયદાન ન મળ્યું હોય? તે પ્રમાણે શાંતિ પકડી.

આ સમયે આ દયાળુ યુવકે ઘેટાંનાં માલિકને સંબોધીને કહ્યું કે, "ભાઇ, આ ઘેટાંનાં બચ્ચાંને એના સ્થાને પહોંચાડવા તું મને તે સોંપી દે, તે બચ્ચું નાનું છે. એટલું જ નહિ પણ લંગડું છે, માટે હે દયાળુ બંધુ, તું મને આટલું જીવિતદાનનું કાર્ય કરવાદે. જેથી દયાળુ પરમાત્મા જરૂર તારૂં ભલું કરશે."

"યુવાન, આ એક બચ્ચાંની દયા ખાધેથી શું વળશે ? આ સઘળાં ઘેટાંઓ આજે ગિરિવ્રજ ( રાજગૃહી ) નગરીના ભયંકર પશુયજ્ઞમાં હોમાઇ જશે. પશુ-યજ્ઞ અર્થે જ આજે આ નગરી ઘેટાંઓથી ઉભરાય છે તે તરફ નજર કરતાં એ દયાળુ યુવક તને સમજાશે કે માત્ર આ એક બચ્ચાંનાં બચાવથી શું વળવાનું છે. હે યુવાન, જો તારા હૃદયમાં પશુદયાની સાચી ધગશ અને પ્રેમ હોય તો આ ક્ષણે જ અહીંથી સીધો ગિરિવ્રજના રાજ્ય દરબારે જઇ પશુયજ્ઞ બંધ કરાવી સર્વે નિર્દોષ અને અવાક્ પ્રાણીઓનો અભયદાતા બન."

આટલા જ પ્રોત્સાહન ભર્યા શબ્દો તપસ્વી ત્યાગી રાજકુમાર માટે માર્ગ-દર્શક બન્યા. જોતજોતામાં તે યજ્ઞમંડપના દ્વાર નજીક જઇ ઉભો. જ્યાં સેંકડોની સંખ્યામાં પશુઓને એવી રીતે દોરડાંથી મજબુત બાંધવામાં આવ્યાં હતાં કે રખે, આક્રંદ કરતું એકાદ પશુ બલિ માટે આક્રંદ કરે તો પણ તે બચવા નજ પામે. આ જાતના બંદોબસ્ત માટે પુરોહિતો ગૌરવતા લેતા હતા.

ઉત્સવની તૈયારીમાં પશુયજ્ઞ પૂર્વેની વિધિ પૂર્ણ થઇ ચૂકી હતી. બલિ-વેદીનો અગ્નિ મોટી મોટી રાક્ષસી જ્વાળાઓ કાઢી રહ્યો હતો. યુવાન મહારાજા બિંબિસાર પણ યજ્ઞમંડપમાં આવી બિરાજમાન થયા હતા. અને ચોતરફ ઉચ્ચ-રાતા વેદમંત્રોથી યજ્ઞમંડપ ગાજી રહ્યો હતો. યજ્ઞની તૈયારી નિમિત્તે વાજિંત્રો વાગવા શરૂ થયાં, અને ક્રિયાકાંડ કરનારાઓએ પૂરજોસથી ક્રિયા ચાલુ કરી, અને પશુબલિ માટે રાજપુરોહિતની આજ્ઞાની રાહ જોવા લાગ્યા.

આ સમયે ઘેટાંનાં ટોળાંએ જબરજસ્ત આક્રંદ કરી મૂક્યું. જે સાંભળતાં ક્રિયાકાંડ કરનારાઓ કહેવા લાગ્યા કે "અહા ! આ અજ્ઞાન જીવો સ્વર્ગ પ્રાપ્તિ માટે કેમ આટલી આનાકાની કરતા હશે ?"

આ....હા....! આ શો ચમત્કાર ! આ યજ્ઞ.

મંડપમાં ઘેટાનું બચ્ચું ખંભે લઈ આ કોણ ચાલ્યું આવે છે?

અરે! આ શું? ખૂદ મગધ નરેશ તેને સન્માનવા સામે ગયા? આ યુવાન યોગીની આટલી મહત્તા ક્યાંથી? પણ અરે? સમજીએ તો તેને નમસ્કાર કર્યા! અને તેના ખંભેથી ઘેટાંનાં બચ્ચાંને જાતે નીચે ઉતારી જમીન ઉપર મૂક્યું! ઓહો! આ શું યોગીનો પ્રભાવ?

"યોગીરાજ, પધારો" આપને મારા કોટીશઃ વંદન હો. ભગવન્ આપનું આ સમયે અહીં પધારવાનું પ્રયોજન સમજાવશો ખરા? ખરેખર, આ સમયે આપે અહીં પધારી મને આભારી કીધો છે. આ પ્રમાણે વિનિત ભાવભર્યા માયાળુ શબ્દો વડે મહારાજા બિંબિસાર ઉર્ફે શ્રેણિકે આગંતુક યોગીરાજનું સ્વાગત કર્યું.

"રાજન્, પશુયજ્ઞ માટે સમય કટોકટીનો છે. જેમાં પશુયજ્ઞને લગતી દરેક પ્રકારની તૈયારીઓ અહીં દેખાય છે, માત્ર આજ્ઞાનીજ રાહ જોવાય છે, છતાં પશુયજ્ઞને અંગે મારો ઉપદેશ એકચિત્તે શ્રવણ કરી તેનું મનન કર–પછી તારા આત્માને યોગ્ય લાગે તેમ તું વર્તજે."

આ સમયે આ પ્રભાવશાળી યોગી પ્રત્યે સભાનું આકર્ષણ એટલું બધું થયું કે તેનો ઉપદેશ સાંભળવા અપૂર્વ શાંતિ પ્રસરી રહી.

"રાજન્, હું અને તમે અને આ બધાયે જગતનાં ઘેટાંઓ છીએ. તેમાં કોઈ ભરવાડ નથી. જેના અંગે અજ્ઞાત દશાએ સાભિમાનથી આમ તેમ રખડવું પડે છે. જેવી રીતે આ નિર્દોષ ઘેટાંનાં ગળાં ઉપર છરી ચાલતાં તે "બેં બેં" કરી પોતાનો બચાવ માગે છે છેજ માફક અજ્ઞાન મનુષ્યરૂપી ઘેટાંઓ પણ મરણની છરી નીચેથી રડી રડી છૂટવા પ્રયાસ કરે છે."

"રાજન, તું એમ સમજતો હોઈશ કે આ અવાક્ પશુ અજ્ઞાની અને અણસમજુ હશે? તારી તે જાતની માન્યતામાં ભૂલ થાય છે. જેવી રીતે હે રાજવી, એક ત્રીસ વર્ષની યુવાન વયનો પુરૂષ–જેના સર્વે અવયવો અપંગ છે–જેને મુખ છે છતાં વાચા નથી–બે ખાંધા છે છતાં બંને હસ્ત નથી–બંને જાંગો છે છતાં પગો નથી–આવા કાંતિવાન નવયુવાનના શરીર ઉપર ગમે તેટલા ઘા કરવામાં આવે તો તે યુવાન સમજુ અને જ્ઞાની આત્મા કદાપિ કાળે નિર્દયતાથી ઘા કરનારને રોકી શકશે? અથવા તો તે તેનો વિરોધ કરી શકશે ખરો? માત્ર છે દુર્ભાગી આત્માં પૂર્વસંચિત કર્મોના ફળો તરીકે અસહ્ય ભયંકર વેદનાઓ સહન કરી, અશ્રપાત કરતો આક્રંદતાથી મૃત્યુને શરણ થશે કે બીજું કાંઈ!

"શું મહારાજ મગધાધિપતિ! આ નિર્દોષ અપંગ પુરૂષ કલેવરમાં અને અવાક્ નિર્દોષ ઘેટાંઓમાં તને કંઈ ફરક દેખાય છે? જો આ ઘેટાંઓને આ રીતના ક્રિયાકાંડથી મોક્ષ મળે છે એવી રીતની સમજ થતી હોત તો તેઓ કદાપિ કાળે બચાવ અર્થે આટલું આક્રંદ કરત ખરાં કે? રાજન્ જીવોને અજ્ઞાની સમજવા તેમાં ભયંકર ભૂલ છે. એકેંદ્રિયથી લગાવી પંચેંદ્રિય સુધીના જીવાત્માઓ એક સરખાજ છે. જેમાં પંચેંદ્રિય જીવાત્માઓમાં મનુષ્યજન્મની પ્રાપ્તિ

અવાક્ અને નિર્દોષ જીવોના રક્ષણાર્થે તેમજ ઉગ્ર તપશ્ચર્યા અને દેહ દમનથી ઉચ્ચ કોટીનું જીવન પ્રાપ્ત કરી મોક્ષગતિ પ્રાપ્ત કરવા અર્થે થએલ છે."

"રાજન, આ રીતના કકળાટમય પશુયજ્ઞથી કદાપિ કાળે પાપ પુંજ ધોવાતાજ નથી. વિશ્વ ગણિતના નિત્યનિયમ પ્રમાણે દરેક નાના મોટા કર્તવ્યોનું ફળ ભોગવવુંજ પડે છે. જેમા અસંખ્યાતા નિર્દોષ આત્મબલિના યોગે તારો કઈ રીતે ઉદ્ધાર થશે? તે તો તું જ્ઞાનબળે ખ્યાલ કર! **દયા એ ધર્મનું મૂળ છે; અને સર્વે જીવો ઉપર સરખો પ્રેમ અને સમાનભાવ એજ સાચો મનુષ્ય ધર્મ છે."**

મગધના ઉદ્ધાર અર્થે તેમજ તારાભલા અર્થે સાચા **અહિંસામય ધર્મ**ને સમજાવતાં હું તને **નમ્રતા** ભાવે જણાવું છું કે આજ ક્ષણે આ યજ્ઞ બંધ કર–અને આ નિર્દોષ પશુઓને બંધનમુક્ત કરી તેમનો અભયદાતા બન."

યોગીરાજના શાંત અને પ્રભાવશાળી વક્તૃત્વની મહારાજા સાથે સમસ્ત સભા ઉપર સચોટ થઇ. અને આખી સભા આ જાદુભર્યા શબ્દોથી સ્તબ્ધ બની ગઇ–માત્ર યજ્ઞ કાંડ કરનારા પુરોહિતોની આંખોના ખૂણા લાલ બન્યા.

"રાજન્! શું વિચાર કરો છો?

યોગીરાજના આટલાજ શબ્દો મગધાધિપતિને પ્રભુ આજ્ઞાતુલ્ય સમજાયા. તેણે યોગીરાજનો ઉપદેશ પ્રભુ આજ્ઞાતુલ્ય માન્યો. સર્વે પશુઓને તત્ક્ષણે બંધનમુક્ત કરવા મહારાજાએ આજ્ઞા કરી.

ખીલાઓ સાથે બંધાએલ સેંકડો નિર્દોષ પશુઓને તરતજ મુક્તિ મળી. ક્રોધે ભરાયેલ પુરોહિતોએ યોગી ઉપર ગાળોનો વરસાદ વરસાવી, યજ્ઞકાંડમાં પશુયજ્ઞને બદલે ફળ ફળાદિનો હોમ કરી ક્રિયાની સમાપ્તિ કરી.

સિંહાસન નજીક ઉભેલ ત્યાગી રાજકુમારને મહારાજાએ કહ્યું, "હે ત્યાગી રાજકુમાર! આપને કોટીશઃ ધન્ય હો, આપે આજે મને મનુષ્ય જન્મની સાચી કર્તવ્યતાનું ભાન કરાવ્યું. આજ પ્રમાણે તમારા જ્ઞાનનો નિરંતર લાભ આપતા રહેશો."

"રાજન, મારે હજુ પરમ પદ નિર્વાણની પ્રાપ્તિ અર્થે તપ–જપ અને પ્રવાસ ખેડવાનો છે. જ્ઞાનની પ્રાપ્તિ વિના મુક્તિ નથી જગતના દુઃખમોચનનો એકજ માર્ગ તે ઉગ્રતપશ્ચર્યા અને અંતે મોક્ષ છે–જેના અંગે હું વનમાં જાઉં છું."

આટલુંજ કહેતાં ત્યાગી કુમાર રાજ સભામાંથી બહાર નીકળી વિંધ્યાચળની ટેકરીઓને ઓળંગી વૈશાલીના માર્ગે વળ્યો.

આ સમયે ગૌતમબુદ્ધના ગૃહવાસ ત્યાગને માત્ર છજ માસ થયા હતા. જેની વય માત્ર ૨૯–૩૦ વર્ષની હતી. એટલા છમાસના અલ્પ સમયમાંજ આ ત્યાગી કુમારને પશુયજ્ઞ બંધ કરાવવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો હતો. જેના યોગે આખું મગધ એના પ્રત્યે આકર્ષાયું હતું. ગૌતમ બુદ્ધની કીર્તિ ચોદિશાએ ફેલાઈ, અને તેથી ઉત્તર–અને પૂર્વનો ઘણો ભાગ તેનો અનુરાગી બન્યો.

# ભવ્યાભવ્ય વિચાર.

લેખક:–પંન્યાસ મનોહરવિજયજી.

આ નશ્વર એવા અસાર સંસારમાં કેટલાયે પુન્યાત્મા જીવો, છ કાયના રક્ષક એવા દયાના ઝરાતુલ્ય **नमोलोएसव्वसाहूणं.** એ પંચ પરમેષ્ઠીપદના અધિકારી મુનિરાજોને સરળભાવે ઘણીવાર પુછે છે કે પૂજ્ય મહારાજશ્રી આ મારો આત્મા ભવ્ય છે? કે અભવ્ય? તે શી રીતે જણાય, ત્યારે જ્ઞાની-પુરૂષો શાંત સ્વભાવે, પ્રસન્ન ચિત્તે મીઠી મધુરી વાણીથી તે મુમુક્ષુ આત્માને જણાવે છે, કે જે પ્રાણીને પોતાના હૃદય કમળમાં ભવ્ય અભવ્યની શંકા થાય તે નિશ્ચયે ભવ્ય હોય છે. કેમકે અભવ્ય જીવને હું ભવ્ય છું કે અભવ્ય તેવી શંકા થતી નથી.

આચારાંગ સૂત્રના અવન્તી અધ્યયનના પાંચમાં ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે કે અભવ્ય જીવો દ્રવ્યક્રીયાથી નવમા ગ્રૈવેયક દેવલોકના આયુષ્યને યોગ્ય ઉત્તમ સામાચારીવાળુ ચારિત્ર પાળે છે, તેમજ પાદોપગમ અણુસણુ ને અભવ્ય જીવ કરે છે, સબબકે અભવ્યને અણુસણુનો અસંભવ નથી.

કેટલાક ભવ્યાત્માઓ શંકાપૂર્વક દલીલ કરે છે, કે શ્રી શત્રુંજય તીર્થરાજને અભવ્ય જીવ સ્પર્શે કે નહિ? તેવા અક્ષરો ક્યા ગ્રંથમાં છે. પ્રત્યુત્તરમાં જણાવવાનું કે શત્રુંજય મહાત્મયમાં નીચેની ગાથા તેવા પ્રકારની છે.

**अभव्याः पापिनो जींवा, नामुं पश्यति पर्वतम ॥**
**लभते चापीराज्यादि, नेदं तीर्थहि लभ्यते ॥**

અર્થાત–પાપી અભવ્ય જીવો રાજ્ય વિગેરે પામે પરંતુ આ તીર્થને નજરે ન દેખે, તેમજ પંડિતવર્ય પદ્મવિજયજી મહારાજશ્રી તેમના નવાણુ યાત્રાના સ્તવનમાં કહે છે કે "પાપી અભવિ ન નજરે દેખે" આ દ્રષ્ટાંતોથી સહેજે સમજી શકાય તેમ છે, કે અભવીજીવો શ્રી શત્રુંજય મહા તીર્થની ફરસના પણ કરી શકતા નથી, સાંપ્રતકાળમાં નીચે બતાવેલ "રત્ન સંચય" નામક ગ્રંથની ગાથાથી આઠ અભવ્ય જીવો બતાવેલા છે.

**संगमय कालसुरी, कपीलाअंगारपालियादुन्नि ॥**
**नोजीवसतमोवियउदाइ, घायओअ अट्टमओ. ॥**

અર્થાત ૧ સંગમ–૨ કાળશો કરીક કસાઇ ૩ કપીલાદાસી ૪ અંગારમર્દક સૂરિ ૫ પાલક ૬ કૃષ્ણપુત્ર પાલક. ૭ શેરગુપ્ત ૮ વિનયરત્ન નામના સાધુ આદિ આઠે અભવીઓનું સંક્ષીપ્ત વૃતાંત નીચે રજુ કરીએ છીએ.

૧ સંગમદેવે ચરમ તીર્થંકર શાશન પ્રરૂપક શ્રીમન મહાવીર પ્રભુને અઘો-

રમાં અઘોર ઉપસર્ગો કર્યા, જેથી ક્ષોભ પામી ઈંદ્ર પોતાની રાજ્ય સભાનો નાટારંભ બંધ રખાવી ઉદાસીન ભાવ સેવતા હતા, તે સમયે સંગમ ઈદ્ર સભામાં આવતાં તેના આવા અકૃત્યો માટે તર્જના કરી તીરસ્કારપૂર્વક સભામાંથી તેને કાઢી મુકયો તે પ્રથમ અભવ્ય.

૨. કાળ સૌકરિક નામના કસાઇ શ્રેણીક મહારાજાના સમયમાં હમેશા પાંચસો પાડાનો વધ કરતો હોવાથી ધર્માત્મા શ્રેણીક મહારાજાએ તેને વિવેકપૂર્વક તેમ ન કરવા સુચવ્યું, છતાં તે કસાઇ માન્યા નહિ એટલે તેને અંધારા કુવામાં ઊંધા મસ્તકે રાખ્યો, છતાં પણ તેણે પાણીના પડછાયામાં પાડાઓની કલ્પના કરી, આંગળીવડે સંખ્યા ગણી પાંચસો પાડાઓનો મનરૂપી માંકડાવડે વધ કર્યો.

૩ કપીલા દાસી કે જેને શ્રેણીક મહારાજાએ અહોનીસ દાન આપવાનું કહેવા છતાં, સ્વહસ્તે ન આપતા શ્રેણીક મહારાજાનો આ ચાટવો દાન આપે છે તેમ મુખે વદીને ચાટવા (કડછી)થી દાન આપતા હતાં, એજ સિદ્ધ કરે છે કે અભવ્ય જીવોને ગમે તેવી સામગ્રી પ્રાપ્ત થવા છતાં, પણ તેમનાથી સુપાત્રે દાન આપી શકાતું નથી.

૪ અંગાર મર્દક આચાર્ય જેની પરીક્ષા માટે રાજાએ ઉપાશ્રય પાસે જવા આવવાની જગ્યાએ કૌલસા પથરાવેલા, કે જેના ઉપર થઈને તેઓ માત્રુ પરઠવવા જતાં કોલસામાંથી ચુ. ચુ. નો જે અવાજ થતો તેને આ મહાવીરના શાશનના સમયના જીવડા છે એમ કલ્પતા જ્યારે ખરી રીતે તે અજીવ પુદગલો હતાં.

૫ પાલક જેને પાંચસો નિર્દોષ મુનિવરોને ઘાચીની ઘાણીમાં રેસી નાખ્યા છે.

૬ પાલક. કૃષ્ણુ મહારાજાનો પુત્ર જેના કૃત્યો જગ જાહેર છે.

૭ શેરગુપ્ત. જેણે રાજસભામાં જીવ અજીવ, અને નોજીવ સંબધિ ગુરૂ મહારાજ સાથે લાબા સમય સુધિ વાદવિવાદ ચલાવી, નોજીવની સ્થાપના કરવાથી ગુરૂ મહારાજે જેને ગચ્છ બહાર કર્યો તે.

૮ વિનય રત્ન સાધુ જેણે ત્યાગી જીવનમાં બાર વર્ષ સુધિ રજોહરણુની અંદર લોહ કંકણુ નામની છરી સંતાડી રાખી. સમય મળતા વૈરભાવથી ઉદાયન રાજર્ષિનું કરૂણ ખુન કરીને ભાગી ગયેલ તે.

આ ગાથામાં નોજીવના સ્થાપક સાથે આઠ અભવ્ય કહેલા છે, પરંતુ અમુક સ્થળે સાત અને અમુક સ્થળે નવ કહ્યા છે. સાત બતાવેલ છે તેમાં શેરગુપ્તનું નામ નથી અને નવ બતાવેલ છે તેમાં **नोजीवगुठ्ठमाहिल.** એટલે નોજીવના સ્થાપક તથા ગોષ્ઠા માહિલને ગણવામાં આવેલ છે.

પરંતુ સાત અભવ્ય માનવા એ ઠીક લાગે છે સબબકે શેરગુપ્ત અને ગોષ્ઠા માહિલને તો નિન્હવો કહ્યા છે, એટલે કે તેઓ સમકિતથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વમાં ગયા છે તેથી તે અભવિ હોવાનો સંભવ નથી.

# "ઐક્યને ક્યારે અપનાવશો ?"

લેખક–પં. કલ્યાણવિમલજી

ભારતવર્ષમાં જાતિ જાતિ વચ્ચે સમાજ સમાજ વચ્ચે પ્રવર્તિ રહેલ અનૈક્યતાને જોઈ મહાત્મા ટાટ સાહેબે એક વખત નીચેના શબ્દો ભારે ગ્લાનીપૂર્વક ઉચ્ચાર્યા હતા. આ રહ્યા તે શબ્દો—"**हाय किस कुघडीमें भारतसन्तानने सजाति भाईयोंके हृदयरुधीरका बहाना सिखा था! उसी कुघडीसे भारतके उजाड होने का आरम्भ होने लगा! विश्रामस्थान भारतवर्ष असीम दुःखका कारागार और अनन्त यन्त्रणा मे अंध नरक कूपकी भ्रान्ति हो गया है। कुरुक्षेत्रकी भयंकर स्मशानभूमि आर्यगणोकी गृहफूट का नमूना दिखा रही है। इसकी गिन्ती कोइ भी नही कर सकता है। ऐसा शोक दायक आदर्श आजतक स्वर्ण प्रसु भारतवर्ष चख रहा है।**

ઉપરોક્ત મહાત્મા ટાટસાહેબના વચનો પ્રત્યે ધ્યાન દઈ વિચાર કરીએ છીએ, ત્યારે હૃદયના સહસ્ત્ર ટુકડા થઇ જાય છે. કલમ હાથમાંથી છુટી જાય છે. ભારત વર્ષની નીચતર દશા દેખી આંખો અશ્રુભીની બને છે. અંતર અકથ્ય વેદના અનુભવે છે. એ અંતર વેદનાને કયા ભાંગ્યા તૂટ્યા શબ્દોમાં વ્યક્ત કરીએ ? એ માટે અમારા પાસે પુરતા શબ્દો નથી. ભારતીય જનતાનું હૃદય કેમ નથી પીગલતું અને ઐક્યને શા માટે અપનાવવામાં નથી આવતું ? એવો કયો આનંદ અનૈક્યતામાં રહેલ છે, એવું કયુ શાશ્વત સુખ માનવ જાતિને અર્પ્યું છે, કે જેથી અનૈક્યતા પ્રત્યે આટલો અનુરાગ બતાવી રહી છે, એ નથી સમજાતું ભારતીય જનતા અનૈક્યતાથી પોતાના સર્વસ્વને ખોઇ રહી છે. બન્ધુઓ! કુંભકરણની નિદ્રાને ત્યાગો અને જાગૃત બની ઐક્યના પૂનીત પંથે પ્રયાણ કરો. એમ કરવામાંજ સાચું ડહાપણ સમાયેલું છે, ન જાણે કઈ કમનસીબપળે કુટદેવીનો ઉદ્ભવ થયો, અને ક્યારે અંત આવશે. વિશ્વ વિખ્યાત સમર્થ વિદ્વાનો, મહાત્માઓ વિજ્ઞાનશાસ્ત્રીઓ એનો પત્તો લગાવી શકયા નથી. હવે અમે કુટદેવીના પ્રકોપને કઇ રીતે શાંત કરીએ. ? કઈ એવી આહુતિ છે. કે જેને દેવાથી કુટદેવીના પ્રકોપનું ઉપશમ ન થાય, વિશ્વના પ્રત્યેક પ્રાણીઓના પ્રકોપને શાન્ત કરવાના ઉપાયો બતાવ્યા છે, પરંતુ કુટદેવીના પ્રકોપને શાન્ત કરવાના ઉપાય કોઇએ બતાવ્યા હોવાનું અમારા જાણવામાં નથી. જો ઉપાય હોત તો ભારતીય જનતા કુટદેવીના ફીટકારથી છિન્નભિન્ન નજ દેખાત, કુટદેવીની પૂરી પૂરી કૃપાથીજ ભારતની દુર્દશા અમે અમારી સગી આંખે જોઈ રહ્યા છીએ. એક સમય આજ ભારત વર્ષનું સ્થાન સર્વ દેશોમાં મૌલીક હતું; સર્વ દેશોથી એની ઉન્નતિ અમાપ હતી, એનો સામનો કરવા જેટલી કોઈ પણ રાષ્ટમાં તાકાત ન્હોતી. તેજ

ભવ્ય ભારતવર્ષ પોતાની અવનત દશા દેખી, અશ્રુઓની પ્રબલ ધારાઓથી પોતાના કપાળ પ્રદેશને ભીંજાવી રહ્યો છે. એના આંસુઓને લુંછવાવાળો અને હતાશ હૈયાને રાહત આપવાવાળો વીર અને ભારતનો સાચો સેવાભાવી ભક્ત ન જાણે કયારે અવતાર ધારણ કરી ભારત પર આવેલ વિપત્તિના વાદળને વિખેરશે? અને ખપ્પર જોગણી કુટદેવીનું શીરચ્છેદ કરી દુખીત ભારતીય જનતાને દીલાસો આપશે. શાન્તિનો સન્દેશ સુણાવશે? આજે ભારત વર્ષમાં કુટનો જેટલો પ્રચાર છે તેટલો ઈતર દેશોમાં ભાગ્યેજ હશે એમ અમારૂં માનવું છે, અને તેથી જ બેધડક હિંમતપૂર્વક કહી શકીએ છીએ કે ભારતના કુટ અને "અસૂયા" એ બે પ્રસિદ્ધ મેવા છે.

જો ભારત વર્ષે ઐકયને અપનાવ્યું હોત તો આજ ભારતીય જનતાને પોતાની આંખે એવી દુર્દશા નીહાળવાનો સમય ઉપસ્થિત થવા પામતજ નહી, આપણી આપસી ફાટફુટના પરિણામે આપણને કેટલું સહન કરવું પડયું છે, એ કહેવાની કે સમજાવવાની ભાગ્યજ જરૂર હોય. જો આપણામાં ઐકય હોત તો વર્ષ દહાડે પાલીતાણા નરેશને ચરણે ૬૦ હજારની થેલીઓ ન્યોચ્છાવર કરીએ છીએ તે કરવાનો સમય નજ આવત, ઈતરજનો આપણા પૂનીત તીર્થસ્થાનો ઉપર આક્રમણ લાવી રહ્યા છે તે નજ લાવી શકતે; એમનો સામનો કરવાની તાકાત ન રહી ત્યારેજ તેઓને ફાવતું મળ્યું, મને કહેવા દ્યો કે આ બધું આપણી આપસી ફાટફુટનેજ આભારી છે. તેઓએ એમજ માની લીધું છે કે જ્યાં સુધી જૈનસમાજ સંગઠીત ન બને, ત્યાંસુધી તેઓ આપણો સામનો કરી શકે તેમ નથીજ. તો પછી તેમની અનૈકયતાનો પૂરતો લાભ શા માટે ન ઉઠાવવો?

માટે ભારતના સપુતો આજ પણ ચેતો અને કુટને દેશનીકાલ દ્યો, જ્યાં સુધી કુટદેવીથી પ્યાર કરતા રહેશો કુટને પોતાની કુલદેવી સમજી એના પ્રેમમાં પાગલ બન્યા રહેશો, ત્યાંસુધી તમારો ઉદ્ધાર નથીજ, ખૂબ સમજી લેવું ઘટે કે કુટથી તમારો સર્વ નાશ થવામાં કંઈપણ વાર નથી; સર્વસ્વ નાસકારી કુટ દેવીના ફંદામાં ફસાઈ મોટા મોટા રાષ્ટ પણ હતાં ન હતાં થઇ ગયા,-પૃથ્વીના પેટાળમાં સમાઈ ગયા, અને રાજા મહારાજાઓ પણ પોતાના રાજ્યની રક્ષા કરવામાં અસમર્થ બની, કુટદેવીની ધગધગતી પ્રલય જ્વાલામાં આત્માને ઝોંકી દીધા. લંકાપતિ રાવણ અને કૌરવોએ કુટના ફંદામાં પડી પોતાનો સર્વ નાશને ન્હોતર્યો હતો એ કોણ નથી જાણતું. એટલુંજ નહી. પણ પોતાના પ્રાણ પંખેરૂનું કુટદેવીની ક્ષુધાને શાન્ત કરવા ખાતર બળીદાન દેવું પડયું, તો પછી કુટનો પરિત્યાગ ન કરવો એ કયાં સુધી ઠીક છે? પ્રભો સર્વને સન્માર્ગ દેખાવે, અને સૌ સુખી બનો એજ એક હૃદયેચ્છા સાથે વિરમું છું.

# વર્તમાન-સમાચાર

## મુનિ....વિહારથી....થતા....લાભો.

જૈનાચાર્ય વિજયહર્ષસૂરીજી આદિ વાંકલીથી ખીવાણુદિ અને ત્યાંથી વાંકલી પધારતાં પંચે આડંબર પૂર્વક સામૈયુ કરી પ્રવેશ કરાવ્યા, બાદ આચાર્ય શ્રીના સદુપદેશથી વાંકલીના શાહ તિલોકચંદજી સેનાજી તરફથી જાકોડાનો સંઘ નીકળતાં, તેમાં ૩૨ ગાડા અને એક મોટર સાથે બસોક માણુસો રસ્તામાં સ્વાગત ઝીલતા ઝીલતા આચાર્યદેવ સાથે જાકોડા તીર્થ પહોચ્યાં, સંઘવી તરફથી બે વખત સંઘને માલપુવાનું જમણ આપવામાં આવેલ, ત્યાંથી આચાર્યશ્રી તખતગઢના સંઘની વિજ્ઞપ્તીથી તખતગઢ પધારતાં ઘણાજ આડંબર પૂર્વક પંચે સામૈયું કરી નગર પ્રવેશ કરાવ્યો હતો.

પન્યાસજી લાભવિજયજી રાધનપુરથી વિહાર કરી પીપળી થઇ વારાહિ ગયા, જ્યાં અઠવાડીયુ રોકાઇ અનેક અન્ય દર્શનીઓને સદુપદેશ આપી કંદ મૂળ, રાત્રીભોજન આદિના પ્રતિબંધ કરાવી, ત્યાંથી ગોતરકા, ધોળકડા, વેડ, રાફુ, નાની ચંદુર, લોલાડા, બોલેરા થઇ સંખેશ્વરજી પધાર્યા, જ્યાં આયંબિલની ઓળી સુધિ સ્થીરતા કરી, ત્યાંથી ચૈતરવદી ૨ ના વિહાર કરી ખેજડીઆણી, ચંદુર, નાયકા, વરાણા, મસાલી, થઈ ચૈતર વદી ૮ ના મંગળ પ્રભાતે રાધનપુરમાં સામૈયા સાથે પધાર્યા.

પન્યાસજી ઉદય વિજયજીના ઉપદેશામૃતથી ખારચીયા ગામના ગરાસિયા, ખેડુતો અને વાણીયા આદિ તમામ જ્ઞાતીવાળાઓ જેઓ ખેડ કરે છે અને ખેડ કરાવે છે, તેઓ સર્વેએ પોતાની રાજીખુસીથી વાંકુના ખારચીયાના સ્વર્ગસ્થ શેઠ સામજી દેવચંદ તરફના અષ્ટાહ્નીકા ઉત્સવ થતાં આખા ગામને ધુમાડા બંધ જમણુ આપતાં, તેની ખુશાલીમાં દરેક વર્ષે ચૈતર સુદિ ૮ ને પૂણ્ય તિથી ગણી, તે દિને તથા દરેક માસની બન્ને એકાદશી અને અમાસ મળી આખા વર્ષમાં ૩૭ દિવસ ગામના તમામ ખેડુતોએ ખેડનું તમામ કામકાજ શાંતી, ગાડુ, વિગેરે બંધ કરી બળદોને રાહત આપવી, તેમજ વેપારીઓએ ખેડ કામ કસવવા ઉપરાંત વેપારવણુજ પણ બંધ રાખવો, તેવી કબુલાત કરી ગરાસિયા, ખેડુતો અને વેપારીઓએ દસ્તાવેજ કરી સહિઓ કરેલ છે.

મુનિશ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટી પાસે સુરતના નામાંકિત શ્રેષ્ઠિવર્ય ઝવેરી જીવણુચંદ ધરમચંદ પ્રવજ્યા લેવા અજમેર પાસેના બાંદરબાડા મુકામે પધારતાં, તેઓશ્રીને ઘણાજ આડંબરપૂર્વક ભાગવતી દીક્ષા આપી, તેમનું નામ

મુનિ શ્રીજિનભદ્રવિજયજી રાખવામાં આવ્યું, સ્થાનિક પંચે કાયમના માટે દરવર્ષે દીક્ષા દિનને ઉત્સવદિન ગણી સમગ્ર ગામે પાખી પાળવાનો ઠરાવ કરેલ છે.

મુનિશ્રી વિકાશવિજયજી ગણી આદિ ચૈત્રર સુદિ ૧ ના અમદાવાદથી વિહાર કરી ભોયણીજી પધારી, ત્યાં બે ત્રણ દિવસની સ્થીરતા કરી, ત્યાંથી પ્રયાણ કરી ચૈતર સુદી ૧૪ ના સંખેશ્વરજી પધારી, ત્રણ દિવસની સ્થીરતા કરી. ત્યાંથી ચૈતર વદી ૨ ના વિહાર કરી ચંદુર, સમી, વરાણા, મસાલી થઈ ચૈતર વદી ૮ ના રાધનપુર પધારતાં, તેમનું અને પન્યાસ લાભવિજયજી આદિ મુનિ મંડળનું ઘણાજ આડંબરપૂર્વક શ્રીજૈન સ્વયંસેવક મંડળનાં બેન્ડ સાથે, પીપળીઆ ઝુમખરામ જેહાભાઇ તરફથી સ્વાગત કરી સાગરના ઉપાશ્રયે પેંડાની પ્રભાવના કરી ઉતારવામાં આવ્યા છે.

જૈનાચાર્ય શ્રીવિજયલાવણ્યસૂરીજી મહારાજ આદિ ઠાણા ૬ શ્રીસિદ્ધચક્ર આરાધક સમાજની વિજ્ઞપ્તીથી અમદાવાદથી વિહાર કરી ભોયણીજી પધારી, ત્યાંથી ચૈતર વદી ૩ ના પ્રયાણ કરી ચૈતર વદી ૧૦ ના સંખેશ્વરજી પધારી નવ દિવસની સ્થીરતા કરવા સાથે કાલરીના શ્રીમાન્ જીવાભાઇને ભાગવતી પ્રવજ્યા આપી, તેમનું નામ જિનપ્રભવિજયજી પાડ્યું, ત્યાંથી વૈસાખ સુદિ ૩ ના વિહાર કરી લોલાડા, દુધખા, કનીજ, ગોચનાદ થઈ વૈશાખ સુદિ ૮ ના રાધનપુર પધારતાં શ્રી સાગર સંઘ તરફથી શ્રી જૈનસ્વયંસેવકમંડળના બેન્ડ સાથે ઘણાજ ઠાઠમાઠથી સામૈયુ કરી સાગરના ઉપાશ્રયે પેંડાની પ્રભાવના કરી ઉતારવામાં આવ્યા છે.

---

## પ્રકાશન...વિલંબમાં...કેમ ?

જૈનધર્મ વિકાસ માસિકનું પ્રકાશન, અમદાવાદ, જુમામસિદ સામેના શારદા મુદ્રણાલયમાંથી થતું હોઇ, અમદાવાદનું અશાંત વાતાવરણ તા. ૧૮–૪–૪૧ થી તંગ બનેલ હોવાથી, મોટા ભાગના પરદેશથી અત્રે ધંધાર્થે આવી વસેલા શ્રમજીવીઓ પોતપોતાના વતન ચાલ્યા ગયા હોવાના સબબે પ્રેસ નિયમીત ચાલી શકતુ, ન હોવાથી માસિકના પ્રકાશનમાં ઢીલ થવા પામેલ છે. જેથી આ માસિક વૈસાખ, જેઠ એમ બે માસનું સમ્મુચ્ચિત કાઢવાની અમારી અનિવાર્ય ફરજ થઈ પડેલ છે. તો અમોને પ્રોત્સાહન અર્પનાર, વાંચનરસિક અમારા ગ્રાહકો અમારા આ વિલંબને દર ગુજર કરી ઉપકૃત કરશે· એવી અમારી આશા અમદાવાદની બની ગયેલી તંગ પરિસ્થિતીના અવલોકનકારને અસ્થાને નહિ લાગે. એજ અભ્યર્થના.

**તંત્રી.**

मंगलमालापराभिधान

## ॥ श्री सिद्धचक्रस्तोत्रम् ॥

( પૃષ્ઠ ૧૯૭ થી અનુસંધાન )

### ॥ श्रीसिद्धपदस्तवनम् ॥

राग-पुरिसाजइ० ॥

अपुणब्भवसुक्खसंतई ।
ववगयदेहविहावसंगई ॥
विमले सिद्धे नमामि हं ।
परमगुणे सययं पसंतिए ॥६॥ मागहिया ॥

॥ राग-अरइरइतिमिर० ॥

विगयमरणुवगयपरमसुहगण नियरमणे ।
थिरसुहपरिणइ तइबल विअलियभवभमणे ॥
तिहुअणपसरियविमलजस पयर वर गइए ।
णमामि सइ निरुवमपसुहणुहवए बिइयपयठिए ॥ संगययं ॥७॥

॥ राग-तं च जिणुत्तम० ॥

सारयचंदसमुज्जलणिक्कलभावमए ।
झाण विसिट्ठकिवाणपणासिय मोहगए ॥
केवलनाणपलोइय सव्वपयत्थनए ।
मुत्तिदए समरामि सया सुहसिद्धिगए ॥ सोवाणयं ॥८॥

॥ राग-सावत्थिपुव्व० ॥

देहाउकम्मजोणिजम्मरसवण्णगंधफरिसप्पसेयप्पणासगे ।
विमलभावरत्ते सुरवइसुक्खाइसाइयपहाण-
सुक्खपमोअमोइए पुण्णपुण्णए ॥
नाणदिट्ठिजोग रुद्धमणवयणतणु बहुगइ,
जोगए कणयवण्ण झाणविसए णमामि सिद्धे ।
नयगमविआरिए निरुवमसमपत्तमुणिराय
चित्तपरिसोहियपवर विगयजरे ॥ वेड्ढओ ॥९॥

॥ राग-अजिअंजिआरिगणं ॥

सरणे भवाहिहरे, कयकिच्चगणे सहावरए ॥
वरसंतियभावमए-सिद्धे पणमामि णिच्च महं ॥ रासालुद्धओ ॥१०॥

## ॥ श्रीआचार्यपदस्तवम् ॥

॥ राग-कुरुजणवयहत्थिणाउर० ॥

मुणिगणपवरे वरायरणपच्चले तइअंगवुत्तपंचप्पहावपत्ते विसुद्धसीले ।
पंचक्खोहदमणपगुणणट्ठमयसरलपसमसमिइए ॥
खंते णम्मे भवयकसायप्पघायमुक्के ।
थिरहिअयजुगपवरवरजाइकुलजिणाहिवसासणगयणदिवायरंसुसरिसे ॥
जइधम्मचरणपवणरयणीसदित्ती संणममि ।
भावणासंसग्गे विण्णाणी तत्तए आयरिए ॥ वेड्डओ ॥११॥

॥ राग-तं संतिसंतिकरं० ॥

सुत्तत्थण्णे विदए, गीयत्थे भव्वगुणे ॥
सूरी गच्छाहिवई, सेवामि सव्वया ॥ रासानंदिअयं ॥१२॥

॥ राग-इक्खागविदेहनरीसर० ॥

विण्णाय सुवण्ण महागुण मुणिपवरा करणहरा ।
गणसारणपमुहविहायग विगयभया निउणनया ॥
वरदेसण पावणजोगवियक्खण पसमहरा दुरियहरा ।
गयगारवे सरमि सया हय-सबलगणे कयसरणे ॥ चित्तलेहा ॥१३॥

॥ राग-देवदाणविंदचंद० ॥

सारणाइणा गणम्मि सव्वसाहुरक्खगे पसण्ण विमल-
दिट्ठिकायभासणे रसायणे विहार भद्द पगुण ॥
चत्तभत्तदूसणे गरिट्ठसीलभूसणप्पधरण ।
दोसवंददंसगे विणासियप्पमायसूरिसिट्ठपाय वर कए पवंदे ॥नारायओ ॥१४॥

॥ राग-विमलससिकला० ॥

वरमुणिगणतत्तिविप्पमुक्के ।
विमलपवित्तियरे सिणेह सुक्के ॥
भवियणकमलप्पयासभाणू ।
पणममि कम्मतणुदहेकिसाणू ॥ कुसुमलया ॥१५॥

## ॥ उपाध्यायपदस्तवनम् ॥

॥ राग-सत्तअसयाअजिअं० ॥

सज्झायगुणी पसमे ।
दव्वेणायरिए विदमे ॥
मुणिपुज्जभव्वयकमे ।
वंदमि भंगनयाइगमे ॥ भुअगपरिरिंगिअयं ॥१६॥

॥ राग-सोमगुणेहिं पावइ० ॥

आगमविण्णे सुद्धचरणे गणहियरसिए ।
संसइखिण्णे गच्छसरणे सुहमइलसिए ॥
धम्मविहिण्णे वुत्तकरणे गुणचयतसिए ।
सग्गुणकिण्णे तित्थतरणे नयदुगमइए ॥ खिज्जिअयं ॥१७॥

॥ राग-तित्थवरप्पवत्तयं० ॥

सिक्खणभेयदेसगे वरनियमरए ।
उत्तमजणपूइए कयमयविलए ॥
मेय पमेयभासिए हयकवडगए ।
भव्वे नमेह वायगे नियपर सुहए ॥ ललिअयं ॥१८॥

॥ राग-विणओणयसिरि० ॥

ममयाहिविसपसरणट्ठमइभवियबोहए सुहए ।
सुयतोसिय सुयगुण भवियण पवयणभावणे पवणे ॥
हयदुग्गइगमणकसायगणमयणवायगे सरमो ।
जिणसासणगयरयगयण विहासणभक्खरे सययं ॥ किसलयमाला ॥१९॥

॥ राग-असुरगरुलपरिवंदिअं ॥

निरुवमवयणपरूवणे, दूसणाइपरिवज्जणे ।
बंधमोक्खाइयभासणे, णममि वायगगुरू सया ॥ सुमुहं ॥२०॥

## ॥ साधुपदस्तवनम् ॥

॥ राग-अभअंअणहं० ॥

समणे समिए विरए विमए ।
पसमे पदमे पणमामि मुणी विज्जुविलसिअं ॥२१॥

॥ राग-आगयवरविमाणदिव्व० ॥

दुक्खवियरणपच्चलप्पसुहपणविहविसयपयतइवेरग्गगए ॥
पवंदमो सरणोइयवरचरणपसाहगे
हयपमायसत्तू सयलणगारे ॥ वेड्डओ ॥२२॥

॥ राग-जंसुरसंघा० ॥

उण्णयभावा चत्तविहावा संजयजोगा दूसियभोगा ।
णिम्मलदंसण सासणसेवणतप्परचेयणभव्वसहावा ॥
पावणभव्वगुणगणविराइय-पंचमहव्वयपालगसाहू ।
कम्मसमुच्चयणिज्जरणामयसोहणविति पविति पयारा ॥रयणमाला ॥२३॥

॥ राग-वंदिऊण थोऊण० ॥

पत्तसंजमे भद्द साहगे ।
तवविहायगे जणप्पबोहगे ॥
समपरीसहाचलाहिवारगे ।
भववने सया सरणसाहुणो ॥ खित्तयं ॥२४॥

॥ राग-तं महामुणिं० ॥

दुक्खसुक्खए खणे समे समे ।
वंदगेयरे माणएयरे ॥
लक्खरक्खगे सुधम्मदेसगे ।
तित्थभासगे मुणी णमामि हं ॥ खित्तयं ॥२५॥

## ॥ श्रीदर्शनपद स्तवनम् ॥

॥ राग-अंबरंतरविआरणिआहिं० ॥

दंसणं सुपरिणामसहावं ।
जिणयभासियतत्तं वरभावं ॥
सच्च मेयं ति विसिट्ठवियारं ।
दुविहतिविहचउपंचपयारं ॥ दीवयं ॥२६॥

॥ राग-पीण निरंतरथणभर० ॥

जायइ तं परिणइमयतिकरणणुक्कमभावं ।
चियमोहसमपमुहजोगयलक्खणपंचगभावं ॥
भवभंतिविणासगसिवसुरपयदयनट्ठविहावं ।
जिणवइणाइयपभूसणदूसणनासियतावं ॥ चित्तक्खरा ॥२७॥

॥ राग–देवसुंदरीहिं पायवंदिआहिं० ॥

तित्थनाहदेवा जम्मि भद्दसेवा ।
चत्तभामिणीपसंगदव्वमोहणा सग्गुरू विणट्ठखेवा ॥
वायणाइसंगई पणट्ठाकामणे चेव ।
पहाणसुहदओ धम्मो तिभेयजुत्तो सव्वचंगो अप्पसुद्धिदाणे दंसणं
समप्पयं निरंतरं तं संसिहेमो सया भवे भवे ॥ नारायओ ॥२८॥

## ॥ श्रीज्ञानपद स्तवनम् ॥

॥ राग–तमहं जिणचंदं० ॥

सययं पणमेअं ।
रअहं वरनाणं ॥
सुहतत्तविबोहं ।
विहिणा समरामि ॥ नंदिअयं ॥२९॥

॥ राग–थुअवंदिअस्सारिसिगणदेवगणेहिं ॥

विसआवहारं विणयविवेगवियारं ।
भक्खेयरसारं समयं दुहपसंगे ॥
कज्जऽवकज्जविवेयपयासं ।
नासियमोहतमाइविलासं ॥
दंसणसंजमगं वर मुत्तं ।
पणममि पइदिण मुत्तमनाणं ॥ भासुरयं ॥३०॥

## ॥ श्रीचारित्रपद स्तवनम् ॥

॥ राग–वंससद्दतंतितालमेलिए० ॥

संजमो मणुण्णमुत्तिभुत्तिए नियप्परागसंतिकंतिकित्तिसत्तिए अ ।
गयकसायभेयकायरक्खणे महव्वयाइसाहणट्ठे ॥
समिइसोहिए तिगुत्तिमंडिए णिसिद्धरत्तिभुत्तिसेवणे अ ।
जम्मि अट्ठ सिट्ठा सग्गुणा पणट्ठकामभोगसेवा ॥
भामिणीसुयाइकारणोहुप्पण्णप्पतिव्वदुक्खणासगे णिवाणई ।
ण भोयणाइचिंतणा निअप्पसाहणा ॥
पसम्मसुक्खलाहमाणपूयणा धरेमि तं पसत्थमोयअं ॥ नारायओ ॥३१॥

॥ राग-छत्तचामरपडागजुवजवमंडिया ॥

चक्कधारगविसिट्ठसमसुहदायगं ।
जिणवइसमुवगयभवयसंकडतायगं ॥
कम्मपयारकट्ठदहणाणलसंनिहं ।
वंदमि पणपयारचरणं बलिणिव्वहं ॥ ललिअयं ॥३२॥

## ॥ श्रीतपःपद स्तवनम् ॥

॥ राग-सहावलट्ठा समप्पइट्ठा० ॥

महप्पहावं बहुस्सहावं ।
विणट्ठकामं पमोयगामं ॥
खमाइवासं गुणप्पयासं ।
णममो णिच्चं तवं भव्वच्चं ॥ वाणवासिया ॥३३॥

॥ राग-ते तवेण धुअसव्वपावया० ॥

सीलरुक्खगणवुड्ढिवारियं ।
सग्गसिद्धिसुहसुक्खसंदयं ॥
कम्मकट्ठ दहणग्गिसम्मयं ।
तं तवं थुणमि हं जयप्पयं ॥ अपरांतिका ॥३४॥

## ॥ श्रीसिद्धचक्र स्तवनम् ॥

॥ राग-एवं तवबलविउलं ॥

इत्थं नवपयपयरो-मए मुया पवरमंतपसमयरो ।
जिणवइसासणपवरो-थुओ महाणंदओ जयरो ॥ गाहा ॥३५॥

॥ राग-तं बहुगुणप्पसायं० ॥

तं पवरसिद्धचक्कं-कम्मयरू परिलुणेइ जह चक्कं ।
चक्किस्स कप्परुक्खं-अहिलसियपयाणपुण्णदक्खं ॥ गाहा ॥३६॥

॥ राग-तं मोएउ अ नंदिं ॥

तं चिंतबुहिपोयं-संणासियविग्घभीइगयसोयं ।
परिणंदियभविलोयं-जयउ सुकयबोहिपज्जोयं ॥ गाहा ॥३७॥

॥ राग-पक्खियचाउम्मासिअ० ॥

संघगिहे एसो मया-कल्लाणतई करेउ सुयपाढो ।
रिद्धी सिद्धी बुद्धी-गणणा सवणाउ भत्तीए ॥ गाहा ॥३८॥

॥ राग-जो पढइ जोअनिसुणइ० ॥

सत्तनिहिणंदचंदगए-वरिसे माहे सियणवमीदिवसे ।
गुरुनेमिसूरिसीसो-सूरी पोम्मो पणेही हं ॥ गाहा ॥३९॥

॥ राग-जइ इच्छह परमपयं ॥

सिरिरायनयररइए-थवणे तस्संघभव्वविण्णवणा ।
भव्वा ? भावा सययं-पढह सुणेह प्पमोयभरा ॥ गाहा ॥४०॥

## ॥ अंतिम मंगलम् ॥

॥ राग-शांति शांति निशांतं० ॥ आर्यावृत्तम् ॥

जिणसासणणिस्संदो-कप्पलअब्भहिअपुण्णमाहप्पो ।
सिरिसिद्धचक्कमंतो-होउ सया तित्थभद्दयरो ॥४१॥

ॐ समाप्तम् ॐ


ટુંક સમયમાં બહાર પડે છે.

# પૃથ્વીચંદ્ર અને ગુણસાગર

યાને

## એકવીસ ભવનો સ્નેહસંબંધ

[ મૂલકર્તા : રૂપવિજયજી ગણિ ]

અનેક અન્તર્ગત કથાઓથી ભરપૂર, વૈરાગ્યમય છતાં વાંચવામાં રસ ઉત્પન્ન કરે તેવો આ ગ્રંથ હરેક જૈન-જૈનેતરે અવશ્ય વાંચવા તેમજ મનન કરવા યોગ્ય છે.

ક્રાઉન સોલ પેજી સાઇઝમાં, હોલેન્ડના ગ્લેઝ કાગળ ઉપર સુંદર છપાઈ તથા આકર્ષક બાઇન્ડીંગ ફરમા લગભગ ૪૦ છતાં કીંમત માત્ર રૂપિયા ત્રણ.

—મળવાનાં સ્થળ—

૧ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
દોશીવાડાની પોળ,
અમદાવાદ.

૨ સંઘવી મુલજીભાઈ ઝવેરચંદ
પાલીતાણા.

૩ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
પાયધુની-મુંબઈ.

૪ જૈનધર્મ પ્રસારક સભા
ભાવનગર.

૫ મોહનલાલ રૂઘનાથ
પાલીતાણા.

# શ્રીમહાવીર--જયંતી ઉત્સવ

(રાગ ભૈરવી—**જાઓ જાઓ અય મેરે સાધુ...**)

પ્રેમે પૂજો પ્રભુ મહાવીર સ્વામી, હૈયામાં ધરી ભાવ. પ્રેમે. ટેક

ચૈત્ર ત્રયોદશી શુકલ પક્ષમાં, જન્મ્યા પ્રભુ મહાવીર,
વિશ્વો યાને પરિમલ પ્રસરે, વાયે મધુર સમીર. પ્રેમે. ૧

નારકીમાં ક્ષણ શાંતિ પ્રસરી સાગરમાં ઉલ્લાસ,
દાનવ કીન્નર, દેવ માનવે પ્રગટયો પ્રેમ પ્રકાશ-પ્રેમે. ૨

રાય રંક નિજ ભેદો ભૂલ્યા, ટળ્યો પાપનો ભાર,
અખંડ જ્યોતિ આત્મસ્વરૂપની, ઝગતી અપરંપાર-પ્રેમ. ૩

ભવિરૂપ મયૂરો વાણી-કેકા-શ્રવણે કરતા નૃત્ય;
અમૃતસમ ઉપદેશ ગ્રહીને, થાતા સૌ કૃત કૃત્ય, પ્રેમે. ૪

**અજિત** છો પ્રભુ ત્રિભુવન દીપક? **બુદ્ધિસાગર** નાથ?
મુનિ **હેમેન્દ્ર** શરણમાં રાખો, હેતે ઝાલી હાથ-પ્રેમે-૫

---

## જૈનાચાર્ય શ્રીવિજયનીતિસૂરિશ્વરજીના ઉપદેશામૃતથી ચિતોડ જિનમંદિરના જીર્ણોદ્ધાર માટે મળેલ રકમોની યાદિ.

(અંક ૫ પૃષ્ટ ૧૫૩ થી અનુસંધાન)

૧૭૭૨૯-૧૨-૯ આગળના પૃષ્ઠનો સરવાળો.

૫૦૦૦-૦-૦ લવારની પોળના ઉપાશ્રય મારફત શેઠ મગનલાલ ઠાકરશીભાઇ તરફના થયેલ ઉપધાનની માળાની ઉછામણીમાંથી.

૩૦૧-૦-૦ શા ચંદુલાલભાઈ મુળચંદભાઈ.

૧૮-૭-૦ સં. ૧૯૯૬ની સાલમાં ડહેલાના ઉપાશ્રય મારફત ઉપજેલ વ્યાજના

---

રૂ. ૨૩૦૪૯-૩-૯

# સજોડે સ્વાર્પણ

## નેમ-રાજુલની જીવનકથા

[ લેખકઃ—"**વીરબાલ**" ]

### ખંડ ૧

નેમજીવનના ઇતિહાસકાળનો નિર્ણય ભારતવર્ષમાં બહુ મહત્વનો છે. વૈષ્ણવસમાજના ઉપાસ્ય દેવ શ્રી કૃષ્ણ અને જૈન સમાજના યુગદ્રષ્ટા બાવીસમા તીર્થંકર સમકાલીન હતા. એટલુંજ જ નહિ બલ્કે કૃષ્ણ અને નેમ સગા પિતરાઈ ભાઇ હતા. આ નિર્ણય માટે તવારીખના ભિન્ન ભિન્ન મતો અને અભિપ્રાયો છે. એક નિર્ણય આજ પૂર્વે ૫૧૦૦ વર્ષનો કાળ સૂચવે છે.

એ વેળા સૌવીર–કૃશાર્તમાં વર્ષા ઋતુમાં ચોમેરના પ્રદેશને જલસ્નાન કરાવતી ગાંડી યમુનાને તીરે, થોડા થોડા અંતરે મથુરા અને શૌર્યપુર નામક નગરીઓમાં યાદવવંશી ક્ષત્રીઓનાં રજવાડાં આવેલાં હતાં. મથુરામાં ઉગ્રસેન રાજા હતો. શૌર્યપુરમાં સમુદ્રવિજયની આણ હતી. રાજા સમુદ્રવિજય, શ્રી કૃષ્ણના પિતા વસુદેવ આદિ દશ ભાઈઓ "દશાર્હ" નામે ઓળખાતા.

આષાઢી મોલનો જીવનદાતા શ્રી વણી મેઘ મૃદુરવે વરસી જનતાને આનંદિત કરતો હતો. એવી સુખદ શ્રાવણ સુદ ૫ ની રાત્રે સમુદ્રવિજયની પત્ની શિવાએ અહિંસા છોડને નવપલ્લવિત કરનારા એક પુત્રને જન્મ આપ્યો. કુટુંબીઓએ મળીને એ સંતાનનું નામ અરિષ્ટનેમિ રાખ્યું.

આ અરસામાં યાદવીનેતાઓ અને મગધરાજ જરાસંધ વચ્ચે ટંટો ચાલતો હતો. જો કે યાદવી રાજ્યો મગધના સાર્વભૌમત્વ નીચે હતાં, છતાં સ્વમાની યાદવો મગધેશના અન્યાયી હુકમો માનવા તૈયાર નહોતા. આથી પરસ્પર તકરારો થયા કરતી. વીર યાદવોએ મગધની લશ્કરી ટુકડીઓને બે ચાર વાર શિકસ્ત આપી હતી, પણ દુરંદેશી યાદવનેતાઓ જાણુતા હતા કે આવા નાનકડા વિજયોને વિશ્વાસે બેસી રહેવામાં ભીંત નીચે કચરાઇ મરવા જેવી મૂર્ખાઇ થશે. વળી મગધની સામે સબળ થવું હોય તો થોડોક સમય પણ જોઇએ, અને એના સિમાડે ઊભી થતી પ્રબળતા મુસદ્દી મગધ પાંગરવા આપે જ નહિ !

આથી યાદવો શૌર્યપુર મથુરાનો ત્યાગ કરી વિંધ્યાચળને રસ્તે થઇને સૌરાષ્ટ્ર–કાઠિયાવાડમાં ઉતરી ગયા, ત્યાં દરિયાકાંઠે દ્વારિકા વસાવી. આજુબાજુના પ્રદેશને કબજે કરી રાજ્યધાની સ્થાપી. આ બધી વિસ્તૃત હકીકત અહીં છોડી દીધી છે. નેમીકુમાર હવે દ્વારિકામાં ઉછરતા–બાલક્રીડા કરવા લાગ્યા.

## ખંડ ૨

"અરરર ! ભાભી ! પડી ગયાં. આમ આવો આમ, ઉભા કરૂં." નેમે હાસ્ય સાથે ટહુકો કર્યો. સો હસી પડયાં.

"આ શું ? ઓહ ! અમે તો અહીં હવા ખાવા આવ્યાં છીએ કે રેતમાં રગદોળાવા" રૂકિમણીએ કૃત્રિમ ખીજાયેલો ચ્હેરો કરી છણુકો કર્યો. રૂતુરાજનો ઉત્સવ માણુવા રસીલાં યાદવયુગલોએ ગિરનારના ઉપવનમાં જીવનનૃત્ય આદરી દીધું હતું. શ્રી કૃષ્ણે પણ પત્નીઓ સહ એક લતામંડપને કલ્લોલતો કરી મુકયો, અને આ વૃંદ હોય ત્યાં ભાભીઓના લાડકા દેવર નેમકુમારનું સ્થાન હોય જ હોય. હાસ્ય વિનોદ કરતાં રૂકિમણી ઉઠી ડગ ભરવા ગયાં. નેમે પગ આડા ધર્યા. અચેતમાં પાથરેલી રેતપર હેઠાં પડયાં. નેમ, અન્ય ભાભીઓ, કૃષ્ણ, સૌ પેટ પકડીને હસી પડયાં.

"હશે ! થોભો હો ભાભી ! આવું છું. તમને હવાને બદલે પવન ખવડાવું." કહી નેમ મંડપની બહાર નીસર્યાં. સૌને નેમના તોફાન અને મશ્કરીનો અનુભવ હતો. રૂકિમણી પણ શું થાય છે તે જોવા જેમની તેમ પડી રહી. ત્યાં તો નેમે વૃક્ષની ડાળી કાપી લાવી દેહપર હળવા સ્પર્શ થાય તેમ ઝાપટવા માંડી. આ ઝાપટથી રૂકિમણીના મસ્તકેથી સાળુ સરી પડયો.

"બળ્યું આ જીવતર !" રૂકિમણીએ આવું તોફાન જરીકે ના ગમતું હોય એમ હાસ્યમાં હોઠ કાઢતાં ભાવી સુચના આપી, પરંતુ આવી ખીજથી કોઇ પાછું પડે એમ તો હતું જ નહિ. આ તો રોજના તમાશા હતા. ખસી ગયેલો સાળુ માથે લાવવાની કે બેઠા થવાની તસ્દી વરાળ કાઢતાં રૂકિમણીએ હજુ લીધી ન્હોતી.

"જીવન આટલું ખારૂં લાગતું હોય તો લાવોને જરાક ગળું દાબી દઉં." ટોળ આગળ વધી.

"સ્ત્રી હત્યા કરશો તો પાપ લાગશે. પાપ ! લગીર સમજો." રૂકિમણીએ પાપની પારાયણ શરૂ કરી.

"મને લાગશે એનો વિચાર તમારે શીદ કરવો જોઇએ ? મોત ખપે છે. એ જો હું આપું તો સામો તમારે મારો પાડ માનવો જોઈએ પાડ ! કોઈને જોઈતું આપવું એમાં પાપ શાનું ? છતાંય પાપ લાગશે તો તમારે ખાતર એટલું સહી લઈશ. ખુબ વ્હાલાં છો ને ? તમે મને." નેમે ફિલસૂફી ડોળવા માંડી.

"પાડ માનું કે પથરો ! જોને આવ્યા છે વ્હાલવાળા તે ! ગળે તો ફાંસો દેવો છે ને વાત કરવી છે હેતની. આવા દિયરને તો હું ઘરને આંગણે પાણીએ ન પાઉં." રૂકિમણીએ મોં મરડતાં ગુલાંટ ખાધી.

"ઘરે આવીએ ત્યારે ઘડા ઉપર હાથ રાખશો તો અમે નીચે કાણું પાડીને પાણી પીશું. પણ એ તો ત્યારની વાત ત્યારે. અહીં શું ? મોત યા પાપનાં

ડહાપણ હું કાંઈ ન જાણું. પણ હેં જાંબુભાભી! હેતવાળા માગે એ આપવું કે નહિ?" નેમે દલીલનો પુરાવો ઊભો કર્યો.

"જાંબુ, લીંબુ એવાં નામ પાડશો નહિ! નહિતર આપણો મેળ નહી આવે! ગોળ ગોળ વાત કરી જો મારી સાક્ષી દેવડાવે છે!" જાંબુવતીએ રણક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

"વનતાપસીઓમાં આ ક્રોધાગ્નિ ક્યાંથી સળગી ઉઠ્યો છે! આ તો બાળીને ક્યાંય ભસ્મ કરી દેશે બાપલા રે! કહોને કે તમને મોત ગમતું જ નથી એટલે વાત પડતી મુકું." નેમે હાર કબુલ કરાવવા સોગઠી ચલાવી.

"હ્યો એમ વળી. પછી છે કાંઇ? પોતે જાણે હું એકલો જ સમજતો હોઈશ. પણ એ મુંછ નીચી રાખજો. સૌમાં અક્કલ છે કે—"બ્રાહ્મણને માર્યે નખ્ખોદ જાય એ વાત સાચી, પણ મારનારાનું જતું હોય ત્યારે જાય પણ બ્રાહ્મણનું તે વખતે જ જાય." રૂકિમણીએ વાત ચોખી કરી. ફિલસૂફીનો ફુગો ફુટી ગયો.

"હ્યો! આપણે તો છેવટ જીત્યા. હવે માથે ઓઢો માથે. શરમાવ શરમાવ જરા!" નેમે મજાક કરીને સૌ હસી પડયા. વેલડીઓએ હાસ્યનું પાન કરી કુંણાં ઝીણા પાંદ કાઢયાં.

"તમે ખેસવ્યું તો તમે સરખું કરો, નહિ તો ભલે એમ જ રહ્યું. મારે શું? તમે જો જો આ વાંક કોઇનો ને ભોગવવું કોઇને પડે! હાવે જ તો એ શા સારૂં?" રૂકિમણીએ મશ્કરી પ્રસંગે મુક્તાહાસ્ય વેરતા તટસ્થ રહેલા કૃષ્ણ પ્રત્યે બોલી ફરિયાદ કરી.

"તોબાહ તમારાથી તો." કૃષ્ણે ફેંસલો આપ્યો ને હાસ્ય આગળ વધ્યું.

"હ્યો, આમ આવો. સાળુ ઓઢાડું. પછી તો રાજીને?" નેમે ગુન્હાનો દંડ કબુલ રાખ્યો.

"કાંઈ બોલવાનાં લખ્ખણ! જાણે પોતે પૈસા ખરચીને ભાભીને ઓઢાડતા હોયને 'સાળું ઓઢાડું" રૂકિમણીએ નેમના શબ્દો ચીપ્યા. તે ઉઠીને નેમ પાસે આવી. હવે નેમનો વારો આવ્યો નેમે સાળુ પકડવા હાથ લંબાવ્યો ત્યાં તો શિરે ઝુંટ પડી. વાળ ખેંચાયા. લંબાયેલા હાથ પાછળ વળ્યા પણ પકડ મજબુત હતી.

"છોડો હો ભાભી! પછી રાડ પાડશો."

"જોયું જાશે. અત્યારે તો ઘાટમાં આવ્યા છો. ખુબ તોફાન વધ્યાં છે હમણાં તો." સત્યભામાએ આવી પળ ન ચુકવાની નીતિ રજુ કરી.

"અમે તો તોફાની ને પોતે તો મસ્તીનો ભંડાર. આ વાક્ય સાંભળતા સત્યભામાને બટકબોલા દિયર ઉપર ખાઇ ગઈ. વાળને આંચકો મારી વધુ ખેંચ્યા.

"અરરરર........ઓહ...."નેમે છટકવા છેતરામણી ચીસ પાડી ચહેરાપર

દર્દભાવ ખડો કરી દીધો. સત્યભામાએ વાળ છુટા મેલ્યા. આગળ થોડીકવાર ઠઠ્ઠા ચાલી પણ નેમને હજુ છેતરપીંડી ઉપરાંત વધુ બદલો કઢાવવો હતો.

"વાળ ખેંચાયાથી માથું ખુબ દુઃખે છે. ભામા ભાભી ! જરા તેલ નાંખી ખજવાળો એટલે શાંતિ થાય." માગણી સ્વાભાવિક હોય એમ બોલી નેમે બાજી રચી.

"ઢોંગી છો તમે. હું તો કાંઈ નાંખતી નથી !" ઢોંગ કરી કામ કઢાવી લેવાના નેમના ઢંગથી કોઈ અજાણ્યાં ન્હોતાં. ત્યાં તો જાંબવતીએ નવી મશ્કરી તકને વધાવી લેવાનો હાસ્ય સહ નેત્રસંકેત કર્યો.

સત્યભામાએ કચોળામાં સુવાસિત તેલ લાવી દેયરને સુવા સુચના કરી. વ્હાળભર્યા હસ્ત–સ્પર્શે ભરાતા તેલે નેમને આંખ મીંચાવી દીધી. સત્યભામાએ તોય ગાય વાછરડાને ચાટતી હોય તેમ ખંજવાળ ચાલુ રાખી, અને જાંબવતીએ કરથી નેમના વદન ઉપર હળવેક રહીને મસ ચોળી દીધી.

"ઊઠો ! ઊઠો ! નેમભાઈ આ શું ?" થોડોક સમય વીતવા દઈને પદ્માએ બુમ મારી. નેમ ઝબકીને જાગી ઊઠયા. ચોમેર જોવા લાગ્યા કાંઈ નજરે ન પડવાથી પૂછ્યું: શું છે ભાભીઓ ?" સૌ પેટ દુખવા આવે એટલું હસી પડયા. નેમ આ મશ્કરીનો મર્મ બરાબર ન સમજ્યા. માન્યું કે સૌ હું ચમકયો એટલે હસે છે.

"તમે બહુ શ્યામ લાગો છો હો નેમકુમાર !" લક્ષ્મણાએ નેમને હસાવવા આડી વાતથી શરૂઆત કરી. મશ્કરી કરનારને મશ્કરીનું પાત્ર મશ્કરીના સમયે અને હાસ્યમાં સામેલ ન થાય ત્યાંસુધી સંતોષ વળતો નથી.

"એમાં શું ભાભી ! પ્રકૃતિએ રંગ આપ્યો તે ખરો." નેમનું વાન જન્મથી જ શ્યામ હતુ.

"ના. ના. આ તો કોઈ માનવકૃત લાગે છે." જાંબવતીએ ચોખવટ કરી.

"હે" બોલી નેમનો બાહુ વદનસ્પર્શ કરે એ પહેલાં રૂકિમણીએ મોંમા ભરી રાખેલા કોગળાને વાયુમિશ્રિત કરી નેમનાં મોં ભણી જોરથી શીકરો ઉડાડયાં. નેમે ચહેરે હાથ ફેરવ્યો. ભાભીઓનો વિનોદપાઠ સમજાયો. હસી પડયા–સૌ હસી પડયા.

"તમારા દોષની રાવ અમે તમારા ભાઇ પાસે નાંખી. એમણે ભાઇનો પક્ષ ખેંચ્યો. અમે કાયદો હાથમાં લઇને બદલો મેળવ્યો." રૂકિમણીએ આ વિનોદનો દોષ તેના પતિ ઉપર ઢોળ્યો.

સમય થયે સૌ આનંદ–કલ્લોલ કરતાં વીખરાયાં.

## ખંડ ૩

સશક્તોના સહજ હલન ચલને નૃત્ય હોવાનું તદ્દશ ચિત્ર રજુ કરતો દ્વારિકાનો જનપ્રવાહ રાજમાર્ગે સામસામી તરંગાવલીએ ઉછળ્યે જતો હતો. પુરપાટ દોડયે જતા ઘોડેસ્વારોના ગાજતા ડાબલા, યુવાનોની મદભર ચાલના

તાલબદ્ધ એડી ઠબકારા, બજારી સોદાગરોની ગ્રાહક સમજાવવાની મીઠી વાણી, વાનરસેનાનો સોર ને ખિલખિલાટ હાસ્ય, પનિહારીનો નૂપુરઝંકારનો ઝીણો ધ્વનિવિનોદ–આવા સ્વરોની મિલાવટ માનવીને બહેરો બનાવવાને બદલે વિધવિધ સુરીલું સંગીત શ્રવણ કરાવવા આકર્ષી રહી હતી. આવા ગીચ અવરજવરમાંય વેગે ધસતા ઘોડેસ્વારોથી વરસ દહાડે પણ એકાદ અકસ્માત નગરવ્યવસ્થાને ચોપડે પણ નોંધાવાનો પ્રસંગ ભાગ્યે જ બનતો. હા ! દરેક અશ્વારોહીની યાદમાં પનિહારી યુવતીએ ભીડમાં આવી જતાં, થપાટ મારી ઘોડાને ત્રણ હાથ દૂર હડસેલી દીધાના બેચાર પ્રસંગો જરૂર આલેખાતા. આ પ્રવાહમાં ત્રણચાર યુવાનો મોજથી ચોપાસ નજર ફેરવતા ચાલ્યા જતાં હતા.

"આપણા આ જીવનનૃત્યમાં આગ સળગાવનારો છંદ આજકાલ યુવાનોને વળગ્યો છે." એક જણે નગરસૌંદર્યને નીરખી ઉચ્ચારતાં નિસાસો નાંખ્યો.

"તું જુગાર મદિરાની વાત કરે છે ને વસુ ?"

"હાસ્તો ! મને એ જ ખેદ થાય છે કે આપણા વડિલો આ સામે ચાંપતો ઇલાજ લેવામાં ઢીલ કાં કરે છે ? હમણાં જ જુઓને, પેલા અમિતે ચૌટા વચ્ચે ગલીચ તોફાન કરેલું."

"ફરમાન તો એવા ગુન્હેગારોને શાસન કરવાનું નીકળ્યું છે, અને દંડ પણ થાય છે. તોય જુઓને નેમ ! જુગારીઓ કયાં ઓછા થાય છે ? દિવસે ને દિવસે પ્રમાણ વધતું જ જાય છે.'' કપીલે મિત્ર નેમને આમંત્રણ આપ્યું.

"અંદરથી જે નાદ જાગ્યો છે, એને બહારની સત્તાથી રૂંધતાં તે નાદ ચોરીછુપીમાં પરિણમે છે. અને કાંઇ સડો ચોરીછુપીમાં પ્રવેશે એટલે એની બદબો મર્યાદાહીન બની રહે છે." નેમે એક સિદ્ધાંત રજુ કર્યો.

"એ તો છેજને ! ચાંપતી ચોકસાઇ છે તોય યાદવી યુવાનો ધખધખતા બપોરે ઓરડામાં અંદરથી સાંકળ ચડાવી, વર્ષાઋતુમાં ગિરનારની વાટિકાઓમાં, શિયાળાની ઠંડી રાતે વનવગડામાં જઈ રમણ કરે છે. નવા ને નવા ચેલા મુંડી ફસાવતા જાય છે. જ્યાં કોઇને કદી વ્હેમજ ના આવે." યુગાંતે બાતમી રજુ કરી.

"એટલે શું એને રોકવાનો કોઈ રસ્તો જ નથી, બસ ! શું ઘર ફીટયે ઘર જાશે.'' વસુ ઉકળી ઉઠયો.

"આમ મગજને તપાવ્યે કાંઈ ઇલાજ સાંપડી જાય છે ! બેશક દિલમાં આટલો પ્રકોપ છે તો ઈલાજ સાંપડશે જ. શાંત ચિત્તે વિચાર કરો. વડિલો પણ આથી અજાણ નથી. જોઇએ હવે તેઓ શું પગલા ભરે છે ? " કપિલે વસુને ઠાર્યો.

"વડિલોનો સત્તા લેખે આમાં કશો ઉપયોગ નથી. એઓ શાસનનીતિ જરા કડક બનાવશે તો યુવાનો વધારે સલામતીભર્યા ખુણા ખોળશે, હૃદયમાંથી ઉઠેલા નાદને હૈયામાંથી જ શાંત કરો." નેમે સુચના કરી.

"પ્રેમથી કશું અસાધ્ય નથી એ આદર્શ ખરો પણ એને અહીં વ્યવહારમાં કઈ રશમે ઉતારવા ?" પંડિત વસુએ સિદ્ધાંત યાદ કર્યો.

"માતા, પત્ની, મિત્ર, ધર્માત્મા પ્રેમનું દબાણ લાવી શકે, પરંતુ પહેલું એ તો જુઓ કે એ માટે આપણે પોતે કેટલો ભોગ આપવા તૈયાર છીએ. ખબર છે ને કે પ્રેમનો રાહ સ્વાર્પણનો છે."

"આપણે કાંઈ માતા, પત્ની, રૂષિરાજ નથીને કપીલ !"

"મિત્ર તો છીએ ને !"

"હા ! એ ખરૂં. બોલો હું તૈયાર છું. આ સડાની સાફસુફીના કર્તવ્યમાં મારી મિત્રતા કામે લગાડવાને." વસુએ નામ નોંધાવ્યું.

"તો તારા મિત્રોને ચેતવી દે કે દોસ્તીનો ખપ હોય તો દ્યૂતમદિરાનો સદંતર ત્યાગ કરો. અથવા મારી ભાઈબંધીની આશા છોડી દેજો." નેમે વ્યવહારૂ રસ્તો સુચવી દીધો.

"આવો કડક મિજાજ રાખતાં ઊલટા એકલા પડીએ." સુગાંતે આ રસ્તે સંકડાશ અનુભવી. એ વ્યસની ન્હોતો પણ એના ઘણા મિત્રો એ ફંદે ફસેલા હતા.

"એ જ કસોટી છે—જીવનનો પ્રશ્ન છે. 'સોબત તેવી અસર'નો અર્થ એ જ કે સાચા મિત્રોની પરસ્પર અસર અનિવાર્ય છે. સામેના મિત્ર ઉપર તમે ના પાડી શકો તો સ્વાભાવિક જ એની છાપ તમારા ઉપર પડે. વળી તમે નિર્બળ હો તો છેવટ મોં ફાડીને મદ્યપાન કરાવવામાં એ કદીક તો ફાવે જ." કપીલે લાલબત્તી ધરી.

"વાત તો સાચી પણ નેમભાઈ ! મિત્ર પ્રત્યે અન્ય કાંઈ ફરજ નહિ ?" સુગાંતે ગળકાં ખાતાં નેમની સહાય માગી.

"સુગાંત ! આ ભ્રમણા છે તારી. આવી ભ્રમણામાં જ સૌ ખુવાર થઈએ છીએ. મિત્ર હૃદયથી ચાહતા હોય તો મિત્ર તરફથી સુચવાયેલા સ્પષ્ટ હિતને કાં અવગણે ? મિત્રને મિત્ર કરતાં ફંદના મુલ્ય વધુ હોય તો એવો મૈત્રીભાર ઉઠાવી શીદ નિત્ય ડાઘના ભયમાં વસવું ઘટે ?" નેમે સુગાંતની આશા ફોક કરી.

"દાદા—દાદાજી—કેમ દાદા" વાર્તા કરતાં કરતાં નિર્ણિત સ્થળે આવી લાગતાં સૌએ શસ્ત્રાલયના બુઢ્ઢા પહેરગીર સામે ટહુકાર કર્યો.

"કોણ ? નેમ, વસુ, સુગાંત, કપીલ ! આજ સાથે કાંઈ !" બુઢ્ઢાએ સૌ સામે વાત્સલ્યભરી આંખ ફેરવી.

"કીધું આજે જરા શસ્ત્રાલય જોઈ આવીએ દાદા." કપિલે સૌ વતી જવાબ વાળ્યો.

"સારૂં બાપા ! લ્યો હું સાથે આવું." દાદાના બચ્ચાં સામે ઉચ્ચરાયેલા 'બાપા' શબ્દમાં અનંતવાત્સલ્યતા ઉભરાતી હતી.

યુવાનોએ કૃષ્ણનો વિશાળ શસ્ત્રભંડાર નીરખવા માંડયો. વિધવિધ વજ્રને

હલકા શત્રુના મારા સામે ટક્કર ઝીલનારા રથો જોયા. નાની મોટી તરેહતરહની પાણીદાર તલવારો મ્યાનથાંથી કાઢી ચમકાવી. પ્રચંડ શાર્ગ ધનુષ્ય નેમે ચડાવ્યું. રણક્ષેત્રે માનવી, રથ વિ. ના એક ઘાએ ફુચ્ચા ઉડાવતી ઓછાવત્તા વજનવાળી ગદાઓ ફેરવી. બળપરીક્ષા કરી નેમે કૃષ્ણનો ખાસ પાંચજન્ય શંખ હાથમાં લીધો.

"અન્ય કોઈએ ધમવા સમર્થ નથી હો નેમ !" દાદાએ દ્વારિકાનું ગૌરવ ગાતાં હકીકત જણાવી.

"ના ! ના ! ત્યારે તો જોઈએ આજ !" નેમે શંખ મોંએ ધર્યો. શ્વાસ ઘુંટીને શંખનાદ કર્યો.

દાદાએ એ જ ચિરપરિચિત હૃદયભેદક યુદ્ધ–ઈજ્જનસૂર સાંભળ્યો. આંખ ફટારી તાકી રહ્યો. મિત્રો સ્થંભિત થઇ રહ્યા. હૈયામાં યુદ્ધ–નાદ જગાવતો એ શંખધ્વનિ, દ્વારિકા–કોટને ચોદિશથી ઘેરી વળ્યો. યાદવવીરોએ ચમકી ચાલુ વ્યવહાર છોડી લશ્કરી સાધનો હાથ ધર્યાં. નગરનારીઓ થંભીને રણરસીયાનાં યુદ્ધ વળામણ દ્રશ્યોના અવનવા કલ્પને હીંચકવા લાગી. તેજીલા ઘોડા હેષારવ કરતા પગ ઠોકી તોફાને ચડયા. હાથીઓ ગર્જના કરી આલાનસ્થંભ હચમચાવવા લાગ્યા. રાજગઢમાં બેઠેલા રામકૃષ્ણ ચમકી ગયા.

"કોણ જરાસંઘ આવ્યો ? જાસુસોની કાંઈ બાતમી નથી. આકસ્મિક આફત સામે દ્વારપાળે તૈયારીનો શંખનાદ કર્યો શું ?" કૃષ્ણે બલભદ્ર સામે જોયું.

"કોણ જાણે ! ખબર કઢાવો !"

કૃષ્ણે ત્વરાએ બાતમી લેવા પરિચારકને નગરમાં દોડાવ્યો. સેવકે પાછા ફરી તપાસ જાહેર કરી.

"નેમનું આ સામર્થ્ય મેં આજે જ જાણ્યું." કૃષ્ણે આશ્ચર્ય બતાવ્યું.

"કારણ એને વાતો કરવાની આદત નથી."

"પણ હરિફાઈમાં ઉતરી ઉમેદવારી કાં ના નોંધાવે ? દ્વારિકામાં આવા મર્દોની કદર નથી શું ? હજીએ શંખધ્વનિનો મારા દિલમાં પડઘો પડે છે." કૃષ્ણે ઊંડા ઉતરવું શરૂ કર્યું.

"ઊંડાં પાણી તો નિકટવર્તી જ જાણે." બલભદ્રે વધુ જિજ્ઞાસા જગવી.

"એક વાર તો એ બળનું માપ મારે જાતે લેવું છે."

"લો આ આવે નેમ !" દ્વારમાં દેખાતા નેમ ભણી બલભદ્રે નજર ફેરવી.

"શંખના ભીષણ નાદે ચમકયો. હકીકત જાણી આનંદિત થયો" આ પ્રમાણે કહી કૃષ્ણે નેમને આવકાર્યા. નેમે શરમાઈ નીચે જોતાં આસન લીધું. નેમની પાછળ અનેક યાદવોએ બેઠક લઈ ખંડ ભરી દીધો.

"નેમકુમાર ! શંખનાદ સાંભળ્યો. હવે પ્રત્યક્ષ બળ જોઇ વિચાર કરવો

છે. આપણે બન્ને મલ્લયુદ્ધ કરીએ." કૃષ્ણે પ્રસ્તાવ મુકયો. શંખનાદને યાદ કરતાં નેમ સામે બાઝી શકે એવો પોતા સિવાય અન્ય ન દેખાયો.

"આપની ઇચ્છા એટલે નિરૂપાય! છતાં આપ વડિલને અનુજબંધુ સાથે ધુળમાં આળોટવું ના છાજે. પરસ્પરના હસ્તકને વાળીને બળનું માપ જોઇ લેવાશે." નેમે જવાબ વાળ્યો.

સૌએ નેમની સુચના વધાવી લીધી. સભા વચ્ચે માર્ગ થયો. સામસામા બન્ને બંધુઓ ખડા થયા.

કૃષ્ણે હાથ લંબાવ્યો. નેમે વાળી દીધો.

નેમનો લંબાયલો હાથ કૃષ્ણને વાળવો મુશ્કેલ થયો.

પ્રેક્ષકોએ નેમની જીત પોકારી. સભામાં નેમનાં યશોગાન શરૂ થયાં. નાના ના હાથે હારવામાં મગરૂબ થતા વડિલ કૃષ્ણ ભળ્યા. સહન ન થતાં નેમ ગુપચુપ ચાલી ગયા.

આ કળા, આ શક્તિ દિગદિગંતોમાં વિજય પ્રવર્તાવે. હાલો નેમને સેનાધિપતિ બનાવી વિજયયાત્રાર્થે પ્રસ્થાન કરીએ. શીદ એ ઉદાસીનતા સેવે છે? યાદવોએ જરાસંઘથી ડરી શાને અજ્ઞાત પ્રદેશને ખૂણે છુપાવું જોઇએ. સૌ મનાવી એને યોગ્ય સત્કાર કરી તૈયાર થઇએ. કૃષ્ણનો–સમગ્ર સભાનો એ શૂર હતો.

"છોડી દેજો એ વ્યર્થ ફાંફાં. એ બ્રહ્મચારી છે ને અપરિણીત રહેવા માગે છે. નેમનું બ્રહ્મચર્ય આત્મચરણે ધરાયેલું નૈવેદ્ય હોઇ એ શક્તિ કદીએ દુન્યવી વિજયને સંહારમાં ન વેડફે. રે! અહેશાન માનો પ્રકૃતિમૈયાનો કે આવું સામર્થ્ય વિશ્વકલ્યાણની યોજનામાં કામ કરવા યોજાય છે. આ બ્રહ્મચર્ય, આ લોખંડી તાકાત, દુન્યવી વિજયમાં રાચે તો આ વિશ્વને માથે ભયંકરતાની હજાર હજાર શકયતાઓ ખડી થાય. આવી ભાવનાએ રંગાયેલું બ્રહ્મચર્ય જગત ઉપર એક ભીષણ શાપ સમાન છે. એ રાહે નેમને દોરવા તમો ચાહો છો યાદવો? એવા વિજયની સ્વપ્નમાં યે વાંછા ન સેવજો. નેમ યાદવો અને સમગ્ર વિશ્વનું એ પંથે ભયાનક ભાવી ધુરકે છે અને નેમના આત્મપંથે તો અખિલ વિશ્વનું મહાકલ્યાણ છે. એને રોકવાની મનોદશા તમે કાં ધરો?" નેમને પીછાનતા બલભદ્ર થંભી ગયા. સભાજનો સ્તબ્ધ બન્યા.

કૃષ્ણ–નેમનો આ પછી અંગત પરિચય ખુબ વધ્યો. હૃદયની નિકટતાએ પહોંચ્યા. સહોદરો દોસ્ત બન્યા.

આ પછી યાદવોને જરાસંઘ સાથે છેલ્લો મહાવિગ્રહ થયો નેમે એ યુદ્ધમાં અગત્યનો ભાગ ભજવ્યો. જરાસંઘનો રણક્ષેત્રમાં વધ થયો. યાદવો જીત્યા. અપૂર્ણ

મુદ્રકઃ–હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસજીદ સામે–અમદાવાદ.
પ્રકાશકઃ–ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્યશ્રી વિજયનીતિસૂરિશ્વરજી વાંચનાલય. ૫૬/૧ રીચીરોડ–અમદાવાદ.

## વાંચકોને ?

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૨-૬-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ફક્ત સાધુ સાધ્વીઓ માટેજ

મનીઓરડરથી વાર્ષિક લવાજમના રૂા. ૩-૦-૦ મોકલી થનારા માસિકના ગ્રાહકોને, નીચેના ચાર પુસ્તકો ઉપરાંત લવારની પોળવાળા **પોપટબ્હેન** તરફથી "તપાગચ્છ પટ્ટાવળી" ક્રાઉન આઠ પેજી, પાકુ પુઠું (જેકેટ સાથે) પૃષ્ઠ ૩૫૦નુ ભેટ મોકલવામાં આવશે. વી. પી. થી મોકલાશે નહિ. "તંત્રી"

---

## ગ્રાહકોને ખાસ લાભ

દર માસની સુદિ પંચમીએ નિયમિત પૃ. ૩૨ નું વાંચન. વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના રૂા. ૨-૬-૦ (પોસ્ટેજ સાથે)થી પુરૂ પાડવા, ઉપરાંત આકર્ષક પુસ્તકો ભેટ આપવામાં આવશે.

માસિકના નવા થનાર ગ્રાહકને લવાજમ મોકલી આપવાથી (૧) આચાર્યશ્રી-વિજયનીતિસૂરિશ્વરજી મહારાજનું જીવન ચરિત્ર (સંસ્કૃત) ક્રાઉન સોળ પેજી, પાકુ પુઠું પૃ. ૪૭૬ અગર પ્રશ્નોત્તર રત્નમાળા (હીંદિ-ગુજરાતી) ક્રાઉન સોળ પેજી, પૃ. ૧૯૦ એ એમાંથી જે કોઇ એકની પસંદગી કરી ગ્રાહક જણાવશે તે, ઉપરાંત શ્રીયશોવિજય જૈન પુસ્તકાલય, રાધનપુર તરફથી, (૨) રથયાત્રા મહોત્સવ. (૩) ચોવીસ જીનકલ્યાણક, (૪) સ્તવનાવળી, મળી એકંદર ચાર પુસ્તકો ભેટ આપવામાં આવશે.

"તંત્રી"

---

## સાધુ સાધવી-ગણને વિજ્ઞપ્તી.

ચાતુર્માસનો સમય નજદિક આવતો હોવાથી હરએક સાધુ-સાધવી ગણને અમારી વિજ્ઞપ્તિ છે, કે તેઓના ચાતુર્માસનું નક્કી થયાથી ગામ અને ઠેકાણા અમારી ઓફિસે જણાવશો, કે જેથી જાહેર જનતાની જાણુ માટે તેની નામાવળી અમો અમારા માસિક દ્વારા જાહેર કરી શકીએ. "તંત્રી"

Jain Dharma Vikas (Monthly) Regd. No. B. 4494


## જાહેર ખબર આપનારાઓને

જૈન સમાજને ગામડે ગામડે આ નવા માસિકનો પ્રચાર થશે, અને એથી જાહેર ખબર આપનારાઓ પોતાના પ્રચારનો સંદેશ દૂર દૂર પહોંચાડી શકશે.

માસિક નિયમિત પ્રગટ થતુ હોવાથી જાહેર ખબર આપનારાઓને આ તકનો લાભ લેવા આમંત્રણ આપીએ છીએ, ભાવ નીચે મુજબ.

| પૃષ્ટ | બારમાસ | નવમાસ | છમાસ | ત્રણમાસ | એકમાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૪ | ૬ |
| ૦॥ | ૨૫ | ૨૦ | ૧૫ | ૯ | ૪ |
| ૦। | ૧૫ | ૧૨॥ | ૧૦ | ૭॥ | ૨॥ |

એક વખત ટુંકી જાહેરાતના કોલમની બે લાઈન યા તેના ભાગનો રૂ. ૧)

અંક સાથે છપાવેલ તૈયાર હેન્ડબીલની માત્ર વહેંચામણીના એક વખતના રૂ. ૧૫)

અંક સાથે છપાવેલા તૈયાર દરેક તોલા અઢી યા તે વજનના કોઇ પણ ભાગના સૂચિપત્રની માત્ર વહેંચામણીના એક વખતના રૂ. ૩૦)

સરતો-(૧) નાણુ અગાઉથી લેવામાં આવશે. (૨) જાહેર ખબર લેવી યા ન લેવી એ તંત્રીની મરજી ઉપર રહેશે. (૩) જાહેરાત પાછી મોકલાશે નહિ.

વધુ ખુલાસા માટે પત્રવ્યવહાર યા પુછપરછ નીચેના શરનામે કરો.

"જૈન ધર્મ વિકાસ" ઓફિસ

૫૬/૧ ગાંધીરોડ, અમદાવાદ.


## નમ્ર સૂચના

"તંત્રી" ચોમાસાના અંગે રાધનપુરમાં રોકાવાના હોવાથી પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા મહેરબાની કરવી. લખમીચંદ પ્રેમચંદ, રાધનપુર. ઉ. ગુજરાત.


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ટના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠુ (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું

લખો—જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૬।૧ ગાંધી રોડ, અમદાવાદ.


ટાઇટલ છાપનાર :શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, જુમામસીદ સામે—અમદાવાદ